
Vibrant GUJARAT 2024
નિર્મળ ગુજરાત 2.0
સ્વચ્છ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત
મારો કચરો, મારી જવાબદારી
સ્વચ્છ ગુજરાત થકી કરીએ સમૃદ્ધિની તૈયારી
સૂકો કચરો
ભીનો કચરો
આવો... સાથે મળી નિર્મળ ગુજરાતનું સપનું સાકાર કરીએ...
સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ કરીએ
સ્વચ્છ ભારત મિશન,અર્બન - ગુજરાત
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
@sbmugujarat
@swachhgujaratofficial
@SwachhGujarat
@sbmugujarat

### બાબરાનાં વતની કાઠી ક્ષત્રિય સમાજના હિરા જેવા યુવાન આગેવાન શ્રી ગૌતમભાઇ વાળાની અણધારી વિદાયથી સૌ સ્તબ્ધ : રાજકોટ ખાતે

# શ્રી એમડી માંજરીયા પરિવારને સાંત્વના પાઠવતો માનવ મહેરામણ

**શ્રી એમડી માંજરીયા, શ્રી ભરતભાઇ વાળા, શ્રી દશરથભાઇ વાળાને પુર્વ રાજયપાલ શ્રી વજુભાઇ વાળા, પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા, ધારાસભ્યો, સાંસદ, ભાજપ પરિવાર, શ્રી રામભાઇ મોકરીયા, શ્રી વલ્લભભાઇ કથીરીયા, શ્રી પુનમબહેન માડમ સહિત રાજકીય, સામાજીક અને વિવિધ આગેવાનોએ સાંત્વના પાઠવી**



રાજકોટ, (પ્રશાંતચંચલ)

રાજકોટના કાઠી ક્ષત્રિય સમાજના હિરા જેવા સેવાભાવી યુવાન આગેવાન શ્રી ગૌતમભાઈ વાળાનું હાર્ટ એટેકથી નિધન થતા સૌના લાડકા એવા સૌમ્ય અને સજજન વ્યકતીત્વની અણધારી વિદાયથી સૌ સ્તબ્ધ થઈ ગયા હતા રાજકોટમાં મોહનભાઈ હોલ ખાતે સ્વ. ગૌતમભાઈ વાળાને શ્રધ્ધાંજલી પાઠવવા અને વાળા પરિવારના મોભી એવા શ્રી એમડી માંજરીયા તથા સ્વ. જેતાભાઈ વાળા પરિવારને સાંત્વના પાઠવવા માટે માનવ મહેરામણ ઉમટયો હતો.

સ્વ. જૈતાભાઈ વાળાના નાના પુત્ર તથા નિવૃત્ત મામલતદાર શ્રી એમ.ડી. માંજરીયાનાંમામા નાદિકરા શ્રી ગૌતમભાઈ વાળાનું અકાળે નિધન થતા ઘેરાશોકની લાગણી છવાઈ હતી આ દુખદ સમાચાર મળતા ભાજપા સમર્થક મંચના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી એમડી માંજરીયા તથા સ્વ. ગૌતમભાઈના મોટા ભાઈઓ શ્રી ભરતભાઈ વાળા, રાજકોટ ભાજપના આગેવાન શ્રી દશરથભાઈ વાળા અને પરિવારને સાંત્વના પાઠવવા માટે વિશાળ સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા અને તેમના દુ:ખમાં સહભાગી થયા હતા.

પુર્વ નાણામંત્રી અને પુર્વ રાજયપાલ શ્રી વજુભાઈ વાળા, પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, શ્રીમતી અંજલીબહેન રૂપાણી, ગુજરાત સરકારના મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા, સાંસદ શ્રી પુનમબહેન માડમ, ડોક્ટર ભરતભાઈ બોઘરા, શ્રી રામભાઈ મોકરીયા, શહેર પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી, પુર્વ કેન્દ્રીય મંત્રી શ્રી વલ્લભભાઈ કથીરિયા, પૂર્વ ધારાસભ્ય શ્રી માધુભાઈ બાબરીયા, ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલારા, પૂર્વ ફાઈનસ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, અકીલાવાળા શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી દિગુભા વાઘેલા રીટાર્યટ ડીવાયએસપી, કાઠી સમાજના આગેવાન ગુજરીયા શ્રી જોરુભાઈ ખુમાણ, શ્રી રામકુભાઈ ખાચર, ડોક્ટર પારસ શાહ, ડોક્ટર અમિત હાપાણી, રાજકોટ કાઠી ક્ષત્રિય પ્રમુખ શ્રી સત્યેન્દ્રકુમાર ખાચર, રાજકોટના મેયરશ્રી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, અમરેલી જિલ્લા ભાજપ આગેવાન શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ભાજપના કોષાધ્યક્ષશ્રી મયુર શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જયમીન ઠાકર, દંડક શ્રી મનીષભાઈ રાડિયા શાસક પક્ષના નેતા શ્રી વિનુભાઈ ધવા, ગુજરાત કરણી સેનાના અધ્યક્ષ શ્રી જેપી જાડેજા, રાજકોટ શહેરના મહામંત્રી શ્રી વીરેન્દ્રસિંહ ઝાલા, મહામંત્રી શ્રી માધવભાઈ દવે, મહામંત્રી શ્રી અશ્વિનભાઈ મોલીયા, કાર્યાલય મંત્રી શ્રી હરેશભાઈ જોશી, શ્રી જયંતભાઈ ઠાકર, સરગમ કલબ ના શ્રી ગુણાભાઈ ડેલાવાળા, શ્રી અશ્વિન મોલીયા, પૂર્વ દંડક શ્રી સુરેન્દ્રસિંહ વાળા, શ્રી ડો.માધવ દવે, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ડો.તન્ના, શ્રી રાજુભાઈ ધ્રૃવ, શ્રી લીલુબેન જાદવ, શ્રી મનીષ રાડીયા, શ્રી અનિલભાઈ પારેખ, શ્રી માવજીભાઈ ડોડીયા, શ્રી વિક્રમ પુજારા, શ્રી મહેશ રાઠોડ, શ્રી જયંતભાઈ ઠાકર, શ્રી સી.ટી.પટેલ, શ્રી હરેશ જોષી, શ્રી જિજ્ઞેષ જોષી, શ્રી ભૂપત બોદર, શ્રી ખીમજીભાઈ મકવાણા, શ્રી રાજદિપસિંહ જાડેજા, શ્રી નીતિન ભારદ્વાજ, શ્રી વંદનાબેન ભારદ્વાજ, શ્રી મુકેશ રાદડીયા, શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લીલાબા જાડેજા, શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા, શ્રી ભાવેશ ટોયટા, શ્રી કૌશિક અઢીયા, શ્રી જાગૃતિબેન ભાણવડીયા, શ્રી કિર્તીબા રાણા, શ્રી નહેલ શુકલ, શ્રી અશ્વિન ભાંભર, શ્રી નીતિન બેરા, શ્રી પુષ્કર પટેલ, શ્રી નિરૂભા વાઘેલા, શ્રી નરેન્દ્ર ડવ, શ્રી સુરેશ વસોયા, શ્રી હાર્દિક બોરડ, શ્રી રાજન ઠક્કર વોર્ડ નં ૨ પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અતુલ પંડિત, બ્રાહ્મણ સમાજના પ્રમુખ દર્શિતભાઈ જાની, કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ સુખાભાઈ વાળા, વોરા સમાજના આગેવાન તથા રાજુભાઈ ધ્રુવ, કાશ્મીરાબેન નથવાણી, નિતીનભાઈ નથાણી, મહિલા પ્રમુખ કિરણબેન માકડીયા તથા મુસ્લિમ સમાજના આગેવાનો સહિત રાજકોટ સહિત ગુજરાત અને સૌરાષ્ટ્રભરના રાજકીય, સામાજીક અને વિવિધ ક્ષેત્રના આગેવાનોએ સાંત્વના પાઠવી હતી.



## જાહેર નોટીસ

આથી સર્વે લાગતા વળગતા ને જાણ કરવામાં આવે છે કે, મોજે રાજુલા, જી.અમરેલી મુકામે બિનખેતી જમીન સર્વે નં.૨૫૭/૨ પૈકી, એ. ૪-૦૦ ગુંઠા ધારનાથનગર - ૧ માં રહેણાંક હેતુ માટેનો પ્લોટ નં.૩૩, ચોરસ મીટર - ૧૮૧.૫૦ જેનો રાજુલા સીટી સર્વે નંબર - ૩૦૧૮/અ/૩૩ છે, જે લાલજીભાઇ શામજીભાઇ ધોધારી રે. ધારેશ્વર, તા.રાજુલાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાનો આવેલ છે. અને સદરહુ પ્લોટ અમારા અસીલ કિરીટકુમાર દયાળજીભાઇ ગઢીયા રહે. રાજુલાવાળા તેઓની પાસેથી વેચાણ લેવા માંગે છે, સદરહુ ઉપરોક્ત પ્લોટની મિલ્કતનું ટાઇટલ મેળવતા, સદરહુ પ્લોટ કલ્પેશકુમાર મનુભાઇ કોટડીયા રે.વાવેરાવાળાએ ભીમાભાઇ કાળાભાઇ ધોધારીના મુખત્યાર નાનજીભાઇ જીવાભાઇ પાંડવ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.-૧૪૧૧, તા.૧૯-૧૧-૧૯૯૨ થી વેચાણ રાખેલ છે. અને સદરહુ વેચાણ દસ્તાવેજની સબ રજીસ્ટ્રાર કચેરી રાજુલામાં નોંધણી કરેલ છે, અને ત્યારબાદ લાલજીભાઇ શામજીભાઇ ધોધારી એ સદરહુ પ્લોટ કલ્પેશકુમાર મનુભાઇ કોટડીયા પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૧૫૨ તા.૦૯-૦૮-૧૯૯૫ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી રાજુલામાં નોંધાવી આપેલ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે રજી.દસ્તાવેજ નં.-૧૪૧૧ તા.૧૯-૧૧-૧૯૯૨ નો અસલ ગુમ થયેલ છે. અને ઘણી શોધખોળ કરવા છતા હાલના પ્લોટ માલીકને મળી આવેલ નથી, તો આ અંગે કોઇ વ્યક્તિ કે સંસ્થાને સદરહુ અસલ વેચાણ દસ્તાવેજ મળી આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી અસલ વેચાણ દસ્તાવેજ પ્લોટ માલીક લાલજીભાઇ શામજીભાઇ ધોધારીને પરત કરવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ છે. તેમજ સદરહુ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૪૧૧ તા.૧૯-૧૧-૧૯૯૨ બાબતે કોઇને કોઇપણ જાતનો વાંધો તકરાર હોય અથવા સદરહુ પ્લોટ નં.૩૩, ચોરસ મીટર - ૧૮૧.૫૦ જેનો રાજુલા સીટી સર્વે નં.-૩૦૧૮/અ/૩૩ ની મિલ્કત પરત્વે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ, હક્ક, હિત કે હિસ્સો કે વારસાઇ હક્ક કે બેંકનો બોજો, લીયન હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં નીચે જણાવેલ સરનામે અમોને લેખીત અથવા દસ્તાવેજ આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇનો વાંધો તકરાર નહી આવે તો ઉપરોક્ત પ્લોટની મિલ્કતમાં કોઇનો કાંઇપણ પ્રકારનો લાગ ભાગ કે હક્ક હિત, હિસ્સો, બોજો કે લીયન નથી અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ સદરહુ પ્લોટ માલીક લાલજીભાઇ શામજીભાઇ ધોધારી રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખશે જેની તમામે નોંધ લેવી.

સ્થળ : રાજુલા
તારીખ : ૨૭-૧૨-૨૦૨૩
એસ.ટી. સ્ટેશન પાસે, રાજુલા સીટી

(દિનેશ આર.નિર્મલ) એડવોકેટ એન્ડ નોટરી પબ્લીક　　(જતીન એ.પરમાર) એડવોકેટ


## ચિતલ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રક્તદાન શિબિર યોજાઇ

**સંતોકબા હોસ્પિટલ ખાતે બ્લડ બેંકના સહયોગથી કેમ્પનું આયોજન કરાયું**



અમરેલી, ચિત્તલ વિશ્વ ચિતલ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ વિશ્વ હિન્દુ પરિષદ ચિત્તલ અને બજરંગ દળ સંતોકબા જનરલ હોસ્પિટલ બ્લડ બેન્ક ના સહયોગથી ચીતલ સરસ્વતી વિદ્યા મંદિર ખાતે ભગવાન શ્રીરામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંદર્ભે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ આ શિબિરનું ઉદઘાટન વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લાના ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈના હસ્તરે કરવામાં આવ્યો હતો આ પ્રસંગે વિજયભાઈ દેસાઈ રક્તદાન કરીને સૌ યુવાનોને રક્તદાન કરવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ હિતેશભાઈ મહેતા અમરેલી તાલુકા પ્રમુખ રમેશભાઈ સોરઠીયા વિપુલભાઈ લીંબાસીયા સંજયભાઈ લીંબાસીયા દિનેશભાઈ દવે બકુલભાઈ ભીમાણી વગેરે ખાસ ઉપસ્થિત રહેલ.

### અવસાન નોંધ

કુંકાવાવ

ખોખડદડ નિવાસી હાલ મોટી કુંકાવાવ શ્રી ગોડ માળવીય બ્રાહ્મણ સ્વ.મણીશંકરભાઈ શામળજીભાઈ જોષીના મોટા પુત્ર નલીનભાઈ મણીશંકર જોષી ઉ.વ.૭૧ તે અંજનાબેનના પતિ, પ્રીયંકાબેન આનંદકુમાર પાઠક અમરેલી તથા રિધ્ધીબેન મયંકકુમાર મહેતાના પિતાશ્રી સ્વ. જયંતીલાલ શામળજીભાઈ જોષી અમદાવાદના ભત્રીજા તથા શશીકાંતભાઈ, જીતેન્દ્ર, રાજેશભાઈ, રાજેન્દ્રભાઈ, જયંતીલાલ જોષીના મોટાભાઈ તથા શૈલેષભાઈ માનશંકરભાઈ જોષી તથા સુનીલભાઈ રમણીકલાલ જોષીનાં બનેવીનું તા.૨૬-૧૨-૨૩ મંગળવારે અવસાન થયુ છે. તેમનું બંને પક્ષનું બેસણું તથા ઉઠમણુ લોહાણા મહાજન વાડી, મોટી કુંકાવાવમાં તા.૨૯ શુક્રવારના રોજ સાંજે ૩ થી ૫ રાખેલ છે.

## સાવરકુંડલાનાં પીઠવડીમાં કલા મહાકુંભ કાર્યક્રમ યોજાયો

**સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરેશભાઇ પાનસુરીયાની ઉપસ્થિતી**

સાવરકુંડલા,

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના માર્ગદર્શનમાં અમરેલી જિલ્લાના પીથવડી મુકામે પ્રગતિશીલ યુવક મંડળ દ્વારા અમરેલી જિલ્લા લોકલાડીલા સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા ના અધ્યક્ષ સ્થાને આયોજિત ‘કલા મહાકુંભ સ્પર્ધા‘ માં અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શ્રી સુરેશ પાનસુરીયા ઉપસ્થિત રહી, સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્યો શ્રી પુનાભાઈ ગજેરા, શ્રી રાહુલભાઈ રાદડીયા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જીતુભાઈ કાછડીયા, માર્કેટીંગ યાર્ડ ડિરેકટર શ્રી અતુલભાઈ રાદડીયા, પીઠવડી ગામના સરપંચ શ્રી ભૌતિકભાઈ સુહાગીયા સહિતના પદાધિકારીઓ, આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


## નીચે મુજબની મિલ્કતો ભાડે આપવાની છે

**■ પરમશાંતિ નગર** — ભાડે આપવાનું છે
દાદાનગરની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
4.5 - વસા, 41 - ફુટ રોડ ફ્રન્ટ, 4000 - ફુટ બાંધકામ (સ્લેબવાળુ)
3 ફેઝ - લાઇટ કનેકશન, પાણીનો બોર, બાથરૂમ અને લેબર ક્વાર્ટર

**■ પરમશાંતિ નગર** — ભાડે આપવાનું છે
દાદાનગરની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
12 - વસા, રોડ ટચ ખુલ્લો પ્લોટ ભાડે આપવાનો છે

**■ દાદા ભગવાન મંદિરની પાછળ - લીલીયા રોડ, અમરેલી** — ભાડે આપવાનું છે
2.55 - વસા, 1550 - ફુટ બાંધકામ (સ્લેબવાળુ)
3 ફેઝ - લાઇટ કનેકશન, નળ કનેકશન અને બાથરૂમ

**■ જેસિંગપરા, અમરેલી, ધારી રોડ - ટચ** — ભાડે આપવાનું છે
6.25 - વસા, 55 - ફુટ રોડ ફ્રન્ટ, 1940 - ફુટ બાંધકામ (સ્લેબવાળુ)
1000 - ફુટ બાંધકામ (પતરાવાળુ) 3 ફેઝ લાઇટ કનેકશન, પાણીનો બોર અને બાથરૂમ

સંપર્ક :- કિરીટભાઇ મો.૯૬૩૮૫ ૯૧૪૭૫

---

અમારા કમી (કેરાળા) ગામમાં
કોઇને ચશ્મા, મોતીયો - વેલ - છારી
વગેરે તકલીફો થતી નથી કારણકે અમુક
કુદરતી ઉપાયોથી ઠીક કરી આપીએ છીએ
અહીં અમરેલીમાં પણ આજ વસ્તુ કરવા માંગીએ છીએ
મળો અમારા ડ્રાઇવરને.... સ્થળ : રામજી મંદિર
સમય : સવારે ૯:૦૦ થી ૯:૩૦
લી. વિનુભાઇ છાશવાળા
મો.૯૬૬૪૬ ૮૯૮૬૬, ૯૯૦૪૮ ૨૪૩૧૪

---



**જોઇએ છે**
■ સેલ્સમેન - ૨
■ મીકેનીક - ૨
■ હેલ્પર - ૨
■ ડેટા એન્ટ્રી ઓપરેટર - ૨
રસ ધરાવતા વ્યક્તિઓ પોતાના બાયોડેટા સાથે સંપર્ક કરો
મનહર હોન્ડા માર્કેટયાર્ડ સામે, બાબરા
મો.૯૯૦૪૭ ૦૨૧૫૪, ૯૪૦૯૬ ૫૨૧૦૪

---

**મહાદેવ ટ્રાવેલ્સ**
ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ ડેઇલી સર્વિસ
AC 2 x 1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ




પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોઝ પીઝાની બાજુમાં
પિન્ટુ તળાવીયા : મો.૭૦૪૬૪ ૬૪૪૧૦

---

**બંદુક વેચવાની છે**
બાર બોર સિંગલ બેરલ (ટુકડો)
બંદુક વેચવાની છે
હથીયારનું લાયસન્સ ધારણ કરનારાઓ તથા
ગુજરાત રાજ્યના જુદા જુદા જિલ્લાનાં હથીયાર
ધારક વેપારીઓને વિનંતી આ બંદુક વેચવાની છે
સંપર્ક : રીટા.પો.ઇન્સ. ડી.એન.માંજરીયા
મો.નં.૯૪૨૯૪ ૧૫૯૮૫ અમરેલી

---

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં



કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

---




દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

---

**શ્રી અષ્ટાંગ હોસ્પિટલ**
વૈદ્ય જાગૃતિ ભાડ (આયુર્વેદાચાર્ય) B.A.M.S., PGDYN
શું તમે ઘુંટણ, પેની, ખંભા, હાથ, પગના સાંધાના દુ:ખાવાથી પરેશાન છો ?
તો આજે જ અગ્નિકર્મ - આયુર્વેદ ચિકિત્સાથી રાહત મેળવો
મગજ અને માનસિક રોગોના નિષ્ણાંત ડોક્ટર અહીં મળશે
સ્થળ : સંજીવની કોમ્પલેક્ષ, પહેલા માળે, સહજાનંદ માર્કેટ સામે, IDBI બેન્કની બાજુમાં, સ્ટેશન રોડ અમરેલી. Ph.: (02792) 221177

---

અમરેલીમાં બંગલો વેચવાનો છે
ચિતલ રોડ ઉપર ફર્નિચર સાથેનો
વિશાળ બંગલો કસમાં વેચવાનો છે
ચક્કરગઢ રોડ સંકુલ સામે
સારામાં સારા લોકેશનમાં બંગલો
લાભમ્ પ્રોપર્ટીઝ મો.૯૪૨૮૯ ૭૦૯૫૪




અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
અમરેલી ૩ તા.૨૮-૧૨-૨૦૨૩ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,


જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ માગસર વદ ૨ વર્ષ : ૨૮ અંક ૧૧૭

## અમરેલીના એસપીશ્રી હીમકરસિંહએ ભાવનગર, બોટાદ જિલ્લાના એસપીશ્રીઓનું સ્વાગત કર્યુ

# અમરેલીમાં રેન્જની ક્રાઇમ કોન્ફરન્સ યોજતા શ્રી ગૌતમ પરમાર

**ભાવનગરના રેન્જ આઇજી શ્રી ગૌતમ પરમાર દ્વારા ક્રાઇમ કોન્ફરન્સમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરી અને ભાવનગર રેન્જના તમામ પોલીસ અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું**

**કોન્ફરન્સમાં અમરેલીના એસપી શ્રી હિમકરસિંહ ભાવનગરના એસપીશ્રી ડૉ. હર્ષદ પટેલ, બોટાદના એસપીશ્રી કિશોર બરોલિયા, ડીવાયએસપીઓ સહિતના પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિ**







અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલીમાં ભાવનગર રેન્જનીક્રાઈમકોન્ફરન્સરેન્જઆઈજીશ્રી ગૌતમ પરમાર દ્વારા યોજાઈ હતી જેમાં અમરેલીના એસપીશ્રી હીમકરસિંહએ ભાવનગર,બોટાદ જિલ્લાના એસપીશ્રીઓનું સ્વાગત કર્યુ હતુ.

રેન્જ આઈજી શ્રી ગૌતમ પરમાર દ્વારા ત્રણેય જિલ્લાની ક્રાઈમ કોન્ફરન્સમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષાઓ કરી અને ભાવનગર રેન્જનાતમામપોલીસઅધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું કોન્ફરન્સમાં અમરેલીના એસપી શ્રી હિમકરસિંહ ભાવનગરના એસપીશ્રી ડૉ. હર્ષદ પટેલ, બોટાદના એસપીશ્રી કિશોર બરોલિયા, ડીવાયએસપીઓ સર્વ શ્રી જે.પી.ભંડારી ડીવાયએસપી અમરેલી, એચ.બી.વોરા ડીવાયએસપી સાવરકુંડલા, એ.જી.ગોહિલ ડીવાયએસપી અમરેલી, મહશ્રી રાવલ ડીવાયએસપી બોટાદ, એમ.બી.દેસાઇ પ્રો.ડીવાયએસપી બોટાદ, એન.વી.આહિર પ્રો.ડીવાયએસપી બોટાદ, વી.આર.ચંદન પ્રો.ડીવાયએસપી ભાવનગર, જે.એચ.સરવૈયા ડીવાયએસપી મહુવા, આર.વી.ડામોર ડીવાયએસપી ભાવનગર, આર.આર.સીંઘવી ડીવાયએસપી ભાવનગર, મિહીર બારીયા ડીવાયએસપી ભાવનગર સહિતના પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિ રહી હતી.

## ભાણવડમાં ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં અમરેલીની ટીમનો વિજય

**અમરેલી સમર્થ ક્રિકેટ એકેડેમીના ખેલાડીઓએ ભવ્ય વિજય મેળવી ઇતિહાસ સર્જી દીધો**



અમરેલી, જામનગરજીલ્લાનાભાણવડખાતે યાજાયેલ એમસીસી અન્ડર સેવન્ટીન વ્હાઈટ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાંસૌરાષ્ટ્રની બાર ધરખમ ટીમનેસીધામૂળબલામાંહરાવીઅમરેલીનીસમર્થ ક્રિકેટએકેડમીએઈતિહાસસર્જીદીધોછે.રાજકોટ, જામનગર, પોરબંદર, મોરબી, જૂનાગઢ જેવા શહેરોની ઢીમને નોકઆઉટ મુકાબલામાં અમરેલીએપરાસ્તકરીફાઈનલમેચજીતીલીધી છે.સેમિફાઈનલમાં મોરબીની ટીમને અને ફાઈનલમાંદ્વારકાનીમજબુતઅનેકપનીદાવેદાર ટીમનેસાવસરળતાથીહરાવીસમર્થએકેડમીના યુવા ક્રિકેટરોએ જીતનો પરચમ લહેરાવી દીધો હતો.સમર્થ ક્રિકેટ ક્લબને સતત પ્રોત્સાહન આપતાક્રિકેટએસોસિએશનનાપ્રમુખશ્રીપી.પી. સોજીત્રા, યુવા મેમ્બર શૈલેષ સંઘાણી, અર્જુન સોજીત્રા અને ખાસ કરીને દાદા બાપુ ચિસ્તીના સતત માર્ગદર્શન અને પ્રયાસના કારણે સમર્થ ક્રિકેટએકેડમીઆટલીમોટીટુર્નામેન્ટસહેલાઈથી જીતી શકી છે.ટીમના કોચ મયુર ગોરખિયા અને તેમના સપોટીંગ સ્ટાફ દ્વારા દરેક ખેલાડીને યોગ્ય માર્ગદર્શનઆપીટીમનેવિજયતરફલઈજવામાં અગ્રભાગભજવ્યોછે.તેમશ્રીમનિષસિધ્ધપરાએ જણાવ્યુંછે.

## આંબરડીમાં વહેલી સવારે સિંહોએ ગામમાં લટાર મારી મિજબાની માણી

**ચામુંડા માતાજીના મઢ નજીક એક થી વધુ સિંહો દ્વારા વાછરડાનો શિકાર કર્યો**

આંબરડી,શિયાળો શરૂ થતાં જ જંગલના રાજા શિકાર માટે રેવન્યુ વિસ્તારોમાં આંટા ફેરા મારતા થયા છે. સાવરકુંડલાના આંબરડી ગામે રહેણાંકી વિસ્તારોમાં છાશવારે સિંહો દ્વારા રખડતા પશુઓનો શિકાર કર્યાની ઘટના સામે આવતી રહે છે ત્યારે આજે વહેલી સવારે ગામમાં આવેલ સરદાર ઓઈલ મીલ ની પાછળ આવેલ ચામુંડા માતાજીના મઢ નજીક એક વાછરડાનો શિકાર કરી મિજબાની માણી હતી, સિંહના પંજાના નિશાન ઉપરથી એક થી વધુ સિંહો દ્વારા શિકાર કર્યો હોવાનું જોવા મળ્યું હતું.

## વલસાડામાં ધરમપુરના નડગધરી ગામે સાદડપાડા સ્કુલમાં રસોઇયાએ બે તાંત્રિકને બોલાવી વિધી કરી

## વેળાવદરમાં આજે સ્વ. લાડુબાની પ્રાર્થનાસભા

**સદગતની ઉતરક્રિયા તા. ૨૯ નાં વેળાવદર રાખેલ છે**



અમરેલી, ગારિયાધારના વેળાવદરના લેખક,પત્રકાર શિક્ષણવિદ્ શ્રી તખુભાઈ સાંડસુરના માતૃશ્રી સ્વ.લાડુબાની પ્રાર્થનાસભા પોતાના નિવાસસ્થાને તા ૨૮-૧૨-૨૩ના રોજ બપોરે ૩-૦૦ કલાકે યોજાશે.આ સભાને સંગીત વિદ્યાલય અમરેલીનો સથવારો સાપંડશે તથા અન્ય મહાનુભાવો સંતોનું સંબોધન રહેશે.

સ્વ.રામભાઈ, તખુભાઈ તથા મંગળુભાઈના માતૃશ્રી સ્વ લાડુબા ૧૯-૧૨ ના રોજ દેવલોક થયાં.તેમની ઉત્તરક્રિયાતા ૨૯-૧૨-૨૩નાવેળાવદર ખાતે રાખેલ છે.

### સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી

નં. એમએજી/વશી/૩૩૯/૨૦૨૩
તા.૨૮/૧૧/૨૦૨૩

અરજદાર :- શ્રી અશોકભાઇ ગોગનભાઇ નસીત રહે.નવાગામ, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી નાગધ્રા ગ્રામ પંચાયત, તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના ધારી તાલુકાના નવાગામ ગામના રહીશ શ્રી અશોકભાઇ ગોગનભાઇ નસીતએ તેમની પુત્રી રીનાબેન અશોકભાઇ નસીતનો જન્મ તા.૧૮-૦૬-૧૯૯૪ ના રોજ ધારી તાલુકાના નાગધ્રા મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮-૧૨-૨૦૨૩ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

(કોર્ટનો સિક્કો)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

### સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી

અપીલ રજી. નં. ૧૭૬-૨૦૨૩

અરજદાર : શ્રી સાવલીયા ધીરૂભાઈ હરીભાઈ મુ.બાબાપુર, તા.જી.અમરેલી
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી મુ.બાબાપુર, તા.જી.અમરેલી
અરજદારના વિ.વ.શ્રી પરેશ જી. તળાવિયા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી તાલુકાના બાબાપુર ગામના રહીશ શ્રી સાવલીયા ધીરૂભાઈ હરીભાઈએ તેમના પિતરાઈ બહેન કમળાબેન માધાભાઈ સાવલીયાનો જન્મ તા.૦૩-૦૪-૧૯૫૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૨૬-૧૨-૨૦૨૩ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
અમરેલી

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf



Car Stand    Wall Decor Frame    Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

આપની ચિરંતન વિરાસત
સતત ઘડી રહી છે અમારું ભાવિ



ધીરુભાઈ હીરાચંદ અંબાણી
ફાઉન્ડર ચેરમૅન – રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
ડિસેમ્બર ૨૮, ૧૯૩૨ – શાશ્વતી

આજે પણ આપ બની રહ્યા છો કરોડો ભારતીયોના પ્રેરણાસ્ત્રોત.
આપનાં જ નકશેકદમ પર ચાલીને અમે કરી રહ્યા છીએ
બહેતર સમાવેશ, બહેતર જોડાણો અને સહિયારી સમૃદ્ધિની દિશામાં આગેકૂચ.

Reliance Industries Limited
Growth is Life
Jio
www.ril.com

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૮-૧૨-૨૦૨૩ ગુરૂવાર

# અનેક નેતાઓએ વળ ખાઈને અયોધ્યાના નિમંત્રણનો અસ્વીકારકર્યો છે એમ કેમ...?

ભારતમાં મોટાભાગના રાજકારણીઓ કોઈ પણ વાતને ધર્મ અને કોમવાદના ડાબલાંથી જોવા ટેવાયેલા છે. ઘોડાની આંખ પર ડાબલા બાંધી દો એટલે તેને સામે છે એ જ દેખાય, આજુબાજુનું કે પાછળનું કંઈ દેખાય જ નહીં. દેશના મોટા ભાગના રાજકારણીઓની આવી જ હાલત છે ને તેનો તાજો નમૂનો અયોધ્યામાં ભગવાન શ્રી રામની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા મુદ્દે સીપીએમના નેતાઓએ લીધેલું વલણ છે.

ભગવાન શ્રી રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા ૨૨ જાન્યુઆરીએ થવાની છે. રામમંદિરનું સંચાલન કરવા બનાવાયેલા શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આ કાર્યક્રમ માટે તમામ રાજકીય પક્ષના નેતાઓને નિમંત્રણ આપ્યું છે. ડાબેરી મોરચાના સૌથી મોટા પક્ષ સીપીએમના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરી અને પ્રકાશ કરાત સહિતના નેતાઓને પણ નિમંત્રણ અપાયાં છે પણ તેમણે આ કાર્યક્રમમાં હાજર રહેવાની ઘસીને ના પાડી દીધી. વળ ખાઈ રહ્યા છે.

કારણ? સીપીએમનાં બ્રિન્દા કરાતનું કહેવું છે કે, ભગવાન શ્રી રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને એ લોકો રાજકારણ સાથે જોડી રહ્યા છે. સીપીએમ કદી પણ રાજકારણ અને ધર્મની ભેળસેળની તરફેણ કરતી નથી તે ધાર્મિક કાર્યક્રમના રાજકારણની પણ તરફેણ કરતી નથી. આ એક ધાર્મિક કાર્યક્રમનું રાજકીયકરણ છે અને એ યોગ્ય નથી તેથી સીપીએમના નેતા આ કાર્યક્રમમાં હાજર નહીં રહે.

બ્રિન્દા કરાતે ડહાપણ ડહોળ્યું છે કે, સીપીએમ લોકોની લાગણીઓનું સન્માન કરે છે પણ પોતાનો રાજકીય એજન્ડા આગળ ધપાવવા માટે ધર્મનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવો યોગ્ય નથી. રાજકારણ અને ધર્મને અલગ રાખવાં જોઈએ અને જ્યારે રાજકીય એજન્ડા આગળ ધપાવવા માટે ધર્મનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરાય ત્યારે ધર્મ માન ગુમાવી દે છે. રાજકારણ અને ધર્મની મિલાવટ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એજન્ડાને આગળ ધપાવશે તેથી સીપીએમ આ કાર્યક્રમમાં હાજર નહીં રહે.

બ્રિન્દા કરાતે બીજું પણ ઘણું કહ્યું છે ને એ બધી વાત માંડવાનો અર્થ નથી પણ તેમની વાતનો ટૂંક સાર એ જ છે કે, ભાજપે ભગવાન શ્રી રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને પોતાનો રાજકીય એજન્ડા પાર પાડવા માટેનો કાર્યક્રમ બનાવી દીધો છે તેથી અમારે આ કાર્યક્રમમાં નથી આવવું.

ભારત લોકશાહી દેશ છે અને દરેક વ્યક્તિને પોતાનો મત વ્યક્ત કરવાનો અધિકાર છે. દરેક વ્યક્તિને ક્યાં જવું ને ક્યાં ના જવું એ નક્કી કરવાનો પણ અધિકાર છે. સીપીએમના નેતાઓની નજર ભલે ચીન ને રશિયા તરફ મંડાયેલી હોય પણ એ લોકો પણ કાનૂની રીતે ભારતના નાગરિક જ છે. તેમનું દિલ ભલે ગમે ત્યાં હોય પણ સદેહે એ લોકો ભારતમાં રહે છે ને ભારતની નાગરિકતા તેમને મળેલી છે તેથી તેમને પણ પોતાને ગમે એ કહેવાનો અધિકાર છે જ. અયોધ્યાના ભગવાન રામના કાર્યક્રમમાં જવું કે ના જવું એ નક્કી કરવાનો પણ તેમને અધિકાર છે જ પણ આ અધિકારનો ઉપયોગ કરીને એ લોકો પોતાની માનસિક સંકુચિતતા ને સાફ શબ્દોમાં કહીએ તો મુસ્લિમ તુષ્ટિકરણની માનસિકતાને છતી કરી રહ્યા છે.

અયોધ્યામાં ભગવાન શ્રી રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ ધાર્મિક છે એવું બ્રિન્દા કરાતે પોતે સ્વીકાર્યું છે પણ તેમને આ કાર્યક્રમના રાજકીયકરણ સામે વાંધો છે. સીપીએમની રાજકીયકરણની વ્યાખ્યા શું છે એ ખબર નથી પણ આ કાર્યક્રમનું કોઈ રીતે રાજકીયકરણ થઈ રહ્યું નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન છે ને તેમના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા થવાની છે તેને સીપીએમ ધાર્મિક કાર્યક્રમનું રાજકીયકરણ ગણાવતી હોય તો તેમની બુધ્ધિ પર હસવું આવે છે. મોદી આ દેશની પ્રજાએ ચૂંટેલી સરકારના નેતા છે, દેશના વડા પ્રધાન છે એ જોતાં તેમનાથી વધારે યોગ્ય કોણ કહેવાય? કોઈ નહીં.

બીજું એ કે, આ કાર્યક્રમ કોઈ એક પક્ષનો કે સંગઠનનો રહ્યો જ નથી. શ્રી જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટે આ કાર્યક્રમ માટે કોંગ્રેસના નેતાઓને નિમંત્રણ આપ્યું છે ને બીજા પક્ષના નેતાઓને પણ નિમંત્રણ આપ્યું છે કેમ કે ભગવાન રામનું મંદિર ભાજપનું નથી, આ દેશનાં તમામ હિંદુઓનું છે ને પોતાને હિંદુ માનનારા તમામ લોકોનું છે. જેમને નિમંત્રણ અપાયું છે એ બધાં આ કાર્યક્રમમાં હાજર રહી શકે છે તો પછી કાર્યક્રમનું રાજકીયકરણ ક્યાં થયું?

બ્રિન્દા કરાતે ભાજપ પર રાજકીય એજન્ડા આગળ ધપાવવા માટે ધર્મનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવાનો આક્ષેપ મૂક્યો છે એ પણ તદ્દન વાહિયાત છે. અયોધ્યામાં રામમંદિરનો મુદ્દો તો ભાજપના એજન્ડામાં પહેલેથી છે અને ભાજપ માટે એ રાજકીય મુદ્દો જ છે. ભાજપે એ વાત કદી છૂપાવી નથી કે કદી દંભ કર્યો નથી. ભાજપ રામમંદિર માટે લડ્યો છે ને ખુલ્લેઆમ રામમંદિરની તરફેણ કરી છે. ભાજપે રામમંદિર માટે લડાયેલી કાનૂની લડાઈને પણ ટેકો આપ્યો છે ને આ દેશની સુપ્રીમ કોર્ટમાં જીત મેળવીને રામમંદિરનું નિર્માણ કરાયું છે. આ સંજોગોમાં ભાજપને રામમંદિરને રાજકીય મુદ્દો બનાવે છે કે રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરે છે એ વાત મૂર્ખામીના પ્રદર્શન જેવી છે.

સીપીએમ સહિતની કહેવાતી પાર્ટીના કહેવાતા સેક્યુલર નેતાઓ આ બધી વાતો કરે છે કેમ કે તેમની નજર મુસ્લિમ મતબેંક પર છે. અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડીને રામમંદિર બનાવાયું તેથી રામમંદિરના નિર્માણથી મુસ્લિમો નારાજ છે એવું જ એ લોકો માની બેઠા છે. પોતે રામમંદિર સાથે કોઈ પણ રીતે સંકળાશે તો મુસ્લિમો પોતાને મત નહીં આપે એવો તેમને ડર છે. આ ડરના કારણે એ લોકો આ લવારા કરે છે.

સીપીએમ સહિતની કહેવાતી સેક્યુલર પાર્ટીઓનું વલણ તેમના દંભનો વધુ એક નાદાર નમૂનો છે. એ લોકો ગાઝામાં ઈઝરાયલના હુમલાને પગલે જેમને અસર થઈ એ લોકો માટે અહીં બેઠાં બેઠાં આંસુ સારે ત્યારે તેમને રાજકીય મુદ્દાની ધર્મ સાથે ભેળસેળનો વિચાર આવતો નથી કેમ કે તેના કારણ મુસ્લિમોના મત મળે છે. ગાઝાનાં લોકોની લાગણીની તેમને ચિંતા છે પણ આ દેશના બહુમતી લોકો એવા હિંદુઓની લાગણીની તેમને ચિંતા નથી. આ માનસિકતાના કારણે એ લોકો પતી ગયા છતાં સુધરવાનું નામ લેતા નથી.

# અમરેલી જીલ્લામાં થીર્ટી ફસ્ટ પહેલા પોલિસે ગોઠવેલ નાકાબંધીના કારણે

# અમરેલી જીલ્લામાં નવ વાહન ચાલકો સહિત કુલ ૩૬ શરાબીઓ ઝડપાયા

## જુદા-જુદા સ્થળોએથી ૩૬ શખ્સોને પોલિસે ઝડપી પાડી જેલની હવા ખવડાવી નશો ઉતાર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જીલ્લાની તમામ ચેકપોસ્ટ ઉપર થર્ટી ફસ્ટ પુર્વે નાકાબંધી કરતા ગોઠવાયેલા ચુસ્ત બંદોબસ્તના કારણે અમરેલી જીલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૯ વાહન ચાલકો સહિત કુલ ૩૬ નશાખોરોને પોલિસે ઝડપી પાડી જેલની હવા ખવડાવી હતી.

# અમરેલી રોકડીયાપરામાં બે જુથ વચ્ચે મારામારી

## ઝપાઝપી કરી ઢીકાપાટું વડે મુંઢમાર માર્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,અમરેલીના રોકડીયાપરામાં મિલનભાઈ નલીનભાઈ માંડવીયા ઉ.વ. ૨૩ ને રણછોડ સાથે માથાકુટ થતા ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય. જેથી રણછોડના દિકરા બળુને સારૂ નહી લાગતા મિલનભાઈ તથા તેમના પત્નિ, ભાઈ જતીન તથા ભાભી સોનલબેનને બળુ રણછોડભાઈ મકવાણા, રણછોડ મુકતાબેન, હિતેશે ગાળો બોલી ઢીકાપાટું વડે મારમાર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે બળવંતભાઈ રણછોડભાઈ મકવાણાએ જતીન મિલન, સોનલબેન, મિલનની પત્નિએ ઝપાઝપી કરી મુંઢમાર માર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના સીવડ ગામે યુવાન ઉપર હુમલો

## છોકરાઓ બોલાચાલી કરતા સમજાવવા જતા મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના સીવડ ગામે લઘરાભાઈ રવજીભાઈ પરમારના ઘરે તા. ૨૫-૧૨ ના રાત્રિના ૭ વાગ્યે રાજુભાઈ બાઘાભાઈ બારૈયા ઉ.વ. ૩૫ પોતાના ઘરે પાનના ગલ્લા પાસે હાજર હતા. તે દરમ્યાન રાજુભાઈ અને લઘરાભાઈના છોકરાઓ બોલાચાલી કરતા તેમના ઘરે સમજાવવા જતા લઘરા રવજીભાઈ , રવજી હરીભાઈ, રંજનબેન લઘરાભાઈ , રાજ લઘરાભાઈ પરમારે ગાળો બોલી લાકડી વડે માથામાં ડાબા હાથે અને વાસામાં મારમારી ઈજા કર્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદના વઢેરા બસસ્ટેન્ડ પાસે ઈંગ્લીશ દારૂ સાથે એક ઝડપાઇ ગયો

## પોલિસે જુદી જુદી બ્રાન્ડના ૨૫ ચપટા રૂ/-૧૧૨૫ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે બસસ્ટેન્ડ પાસે કરણ રાજાભાઈ વાઘેલાને અલગ અલગ બ્રાન્ડના રીંગપેક ચપટા નંગ-૨૫ રૂ/-૧૧૨૫ ના મુદામાલ સાથે પો. કોન્સ. સંદિપભાઈ મકવાણાએ ઝડપી પાડયો હતો. જયારે રેઈડ દરમ્યાન ભુપત રામભાઈ બાંભણીયા હાજર મળી આવેલ નહી.

# પીપળલગના યુવાનની ફેસબુક આઈડી ચોરી દુરઉપયોગ કર્યો

## કોઈ અજાણ્યા શખ્સે પાસવર્ડ મેળવી તેમાં બિભત્સ ફોટા તથા વિડિયો મુકી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના પીપળલગ ગામના રાજેન્દ્રભાઈ અરવિંદભાઈ ભાસ્કર ઉ.વ. ૨૧ આજથી પાંચેક વર્ષ પહેલા ફેસબુકમાં રાજેન્દ્ર ભાસ્કર નામથી આઈડી બનાવેલ હોય. અને આ આઈડી બે વર્ષ વાપરી બંધ કરી દીધેલ હોય. અને રાજેન્દ્રભાઈને બદનામ કરવાના હેતુથી કોઈ અજાણી વ્યકિત દ્વારા ફેસબુક આઈડીની ઓળખ ચોરી કરી પાસવર્ડ મેળવી દુરઉપયોગ કરી તેમાં બિભત્સ ફોટા તથા વિડિયો મુકી ગુનો કર્યાની અમરેલી સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ટીંબી ચેકપોસ્ટ પર પીએસઆઈ શ્રી પલાસ દ્વારા કડક ચેકીંગ

## નાગેશ્રીના પીએસઆઇ શ્રી પલાસ દ્વાર ચાંપતી નજર સાથે કડક બંદોબસ્ત ગોઠવાયો



ટીંબી, (હિંમતદાદા)અમરેલીના એસ.પી. હિમકરસિંહ દ્વારા અપાયેલ સુચના અને માર્ગદર્શન મુજબ ટીંબી ચેકપોસ્ટ ઉપર નાગેશ્રીના પી.એસ.આઈ. શ્રી પલાસ અને પોલિસ ટીમ દ્વારા નાતાલ અને થર્ટીફસ્ટની ઉજવણીમાં દિવ તરફથી આવતા જતા વાહનોનું કડક ચેકીંગ શરૂ કરવામાં આવતા જ અસામાજીક પ્રવૃતિ કરવાવાળા ભુર્ગભમાં ઉતરી ગયા છે. દેશી દારૂના ભાવ એક દિવસમાં વધી જતા નશો કરવાવાળા આમથી તેમ દોડતા થઈ ગયા છે. જયારે આ વખતે કોઈપણ ચમરબંધીને નશો કરેલ હાલતમાં જોવા મળશે તો સીધો જ જેલની હવા ખાવાનો વારો આવશે. પોલિસે કડકાઈ ભરી લાલ આંખ કરતા સન્નાટો છવાઈ ગયો છે.

# જુનાગઢમાં મોબાઇલ મળી આવતા પરત કર્યો

## ટેકનીકલ સોર્સના માધ્યમથી મોબાઇલ ફોન મળી આવ્યો



જુનાગઢ, (હિતેશ પારેખ) જુનાગઢ એ ડિવિઝન પી.આઈ. શ્રી સાવજની સુચના મુજબ કોઈ પણ વ્યકિતની ચીજવસ્તુ ગુમ બાબતે અસરકારક અને તાત્કાલિક કામગીરી કરવા પી.એસ.આઈ. આર.પી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ હે. કોન્સ. એસ.બી. રાઠોડ અને નિલેશ એમ. ચૌહાણે અરજદાર જાવીદભાઈ જાફરભાઈ મકરાણી રહે. જુનાગઢવાળાનો ઓપો કંપનીનો રૂ/- ૧૯,૦૦૦ની કિંમતનો મોબાઈલ ગુમ થયેલ હોય. જે ટેકનીકલ સોર્સના માધ્યમથી તપાસ કરી મોબાઈલ ફોન મળી આવતા બીલની ખરાઈ મુળ માલિકને પરત આપી એ ડિવિઝન પોલિસે ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું હતું.

# આ છે કોગ્રેંસના સંસ્કાર : યોગેશ ગણાત્રા

# સારા થવા કોગ્રેંસના નેતાઓ વડાપ્રધાન અને ઉપરાષ્ટ્રપતિનું અપમાન કરે છે ?

## ૨૦૨૪ ની લોકસભામાં કોગ્રેંસમુકત ભારત થઈ જાશે



અમરેલી,
આ છે કોગ્રેંસના સંસ્કાર રાહુલ ગાંધી અને સોનીયા ગાંધી પાસે સારા થવા કોગ્રેંસના નેતાઓ ભારતદેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ઉપરાષ્ટ્રપતિનું અપમાન કરી ગાળો આપે છે. આ કરવા કોગ્રેંસ લોકસભામાં ૪૦૦ થી ૪૦ થયેલ છે. ૨૦૨૪ ની લોકસભામાં કોગ્રેંસમુકત ભારત થઈ જશે. આયુષ્યમાન કાર્ડમાં ૧૦ લાખ સુધી સારવાર કવચ આપે છે. ઈશ્રમ કાર્ડ થકી મજુર આર્થિક ૨ લાખ મૃત્યું સહાય, કોરોનાકાળથી આજદિન સુધી મફત રાશન, કોરોના કાળમાં મફત રસીકરણ જેવી અનેક યોજનાઓ લોકોના ઘર સુધી પહોંચાડવાનું કામ ભારતદેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે.

૩૭૦ હટાવી ભારતદેશના સૈનિકો પાણા ખાતા માર ખવરાવવાનું પાપ કોગ્રેંસે કર્યુ . ભારતદેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈએ ૩૭૦ ની કલમ હટાવી ભારતના સૈનિકોને પાણાનો મારખાતા બચાવ્યા. રામમંદિર આંદોલન ચાલુ હતુ ત્યારે કોગ્રેંસ યાવ રામ મંદિર ન બને એ માટે કોર્ટે વકીલ ઉભા રાખ્યા. મંદિર વહી બનાયેગે તારીખ નહી બતાયેગે આજે એ કામ પણ નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ.રામ મંદિર કાશી વિશ્વનાથ, મહાકાલેશ્વર, સોમનાથ જે હિન્દુ ધર્મના ધાર્મિક સ્થળોનો વિકાસ અને રક્ષણ કરતું હોય તો એ નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે.હિન્દુ વિરોધી કોગ્રેંસને ૨૦૨૪માં ચોકકસ ભાજપ સરકાર બનાવી ભારતદેશના નાગરીકો કોગ્રેંસને જવાબ આપશે તેમ શહેર ભાજપ ઉપપ્રમુખ યોગેશભાઈ ગણાત્રાની યાદીમાં જણાવાયું છે.

વાહ કયા સીન હૈ..!



દિવિત

શેઢાવદરના હાલ સુરત સંદિપભાઈ તથા પલકબેન ગોંડલીયાનો લાડલો દિવિતનો આજે જન્મદિવસ છે.દાદા દિનેશભાઈ અને દાદી શારદાબેન નો વ્હાલો ફઈ છાયાનો માનીતો , ભત્રીજો દિવિતને હેપ્પી બર્થ ડે પાઠવી કેક ખવડાવશે.

# ટીંબીમાં અયોધ્યાથી આવેલા અક્ષત કળશનું ગ્રામજનો દ્વારા સ્વાગત કરાયું

## વેપારી એસોસીએશન અને ગ્રામજનો દ્વારા ઢોલ શરણાઈ સાથે સ્વાગત કર્યુ



ટીંબી, (હિંમતદાદા) જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે અયોધ્યાથી આવેલા અક્ષત કળશનું ટીંબી વેપારી એસોસીએશન તથા ગ્રામજનો દ્વારા અક્ષત કળશનો રથ આવતા ટીંબી રામજી મંદિરે ટીંબી રામજી મંદિરે લઈ જવામાં આવેલ. અને જયાં રથનું કુમકુમ તીલક કરી ઢોલ શરણાઈના તાલે સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે સરપંચ રમેશભાઈ બાંભણીયા, વેપારી આગેવાનો કલ્પેશભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ સોની, વિક્રમભાઈ , ભરતભાઈ, પ્રતાપભાઈ, હર્ષદભાઈ, ગંભીરભાઈ ગોહિલ તાલુકા સદસ્ય નાથાભાઈ અમૃતલાલદાદા , હેમંતભાઈ ત્રિવેદી, શીતળા મંદિરના મહંત સીતારામબાપુ, કાળુભાઈ રાઠોડ, હરકિશનભાઈ જેઠવા, સુરાભાઈ શ્રી ડાભી, તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# અદાણી એનર્જી સોલ્યુશન્સ 7 GW રિન્યુએબલ એનર્જી ઇવેક્યુએશન ટ્રાન્સમિશન નેટવર્ક નિર્માણ કરશે

અમદાવાદ, (રાજેશ મહેતા)વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો એક ભાગ અને ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને વિતરણ કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL) એ આજે જણાવ્યું હતું કે તેને PFC કન્સલ્ટિંગ લિ. (PFCCL) પાસેથી હલવદ ટ્રાન્સમિશન લિમિટેડના સંપાદન માટેનો ઈરાદાપત્ર(LoI) પ્રાપ્ત થયો છે.ખાવડાના રીન્યુએબલ એનર્જી પાર્કમાંથી ૭ ગિગાવોટ રીન્યુએબલ એનર્જી PFCCL દ્વારા ખાવડા ઈઈ પાર્કમાંથી ૭ ચ્ઉરિન્યુએબલ એનર્જી (RE) બહાર કાઢવા માટે ખાસ ઉદ્દેશથી સ્થાપવામાં આવેલ SPV હલવડ ટ્રાન્સમિશન લિ.ને એટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બિડિંગ (TBCB) પ્રક્રિયા દ્વારા અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.એ હસ્તગત કર્યું છે અને તે ૨૪ મહિનામાં BOOM (બિલ્ડ, ઓન ઓપરેટ અને મેન્ટેન) ધોરણે શરુ કરશે.ગુજરાતના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટની ગ્રીન એનર્જીની ઉત્પાદન ક્ષમતા ધરાવતો રીન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે. રાષ્ટ્રીય ગ્રીડનો એક ભાગ એવી હળવદ ટ્રાન્સમિશન લાઇન ગુજરાતમાં પણ ખાવડા સાથે હળવદને જોડીને ૭ ગિગાવોટ રીન્યુએબલ એનર્જી બહાર કાઢવામાં મદદ કરશે.આ પ્રોજેક્ટ હાંસલ થવાના પરિણામે અદાણી એનઃજી સોલ્યુશન્સ લિ. ની બજારના ટોચના એક અગ્રણી તરીકેની સ્થિતિ મજબૂત થઈ છે અને તેનું ઈન્સ્ટોલ કરેલ અને અંડર-કમિશનિંગ નેટવર્ક ૨૦,૫૧૮ સરકીટ કી.મી. અને ૫૩,૧૬૧ MVA ટ્રાન્સફોર્મેશન ક્ષમતા સુધી પહોંચી ગયું છે.

# અદાણી ગ્રીન એટોટાલ એનજીર્સ સાથે સંયુક્ત સાહસ સંપ્પન કરી યુએસડોલર ૩૦૦ મિલિયન ઉભા કર્યા

અમદાવાદ, (રાજેશ મહેતા) અદાણી ગ્રીન એનજીલિ. એટોટાલ એનજીર્સ સાથે ૧૦૫૦ મેગાવોટનું સંયુક્ત સાહસ સંપ્પન કર્યુ હોવાની આજે જાહેરાત કરી છે.

આ સંયુક્ત સાહસના ભાગ રુપે ટોટાલ એનર્જી અદાણી ગ્રીનની પેટા કંપનીના પ્રોજેક્ટમાં ૫૦% હિસ્સો હસ્તગત કરવા માટે યુએસડોલર ૩૦૦ મિલિયનનું રોકાણ કર્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં અદાણી ગ્રીન એનજીલિ. અને ટોટાલ એનજીર્સના સંયુક્ત સાહસ વચ્ચેના બંધન કરારની જાહેરાતના અનુસંધાનને જોડે છે. આ સંયુક્ત સાહસ ૧૦૫૦ મેગાવોટનો પોર્ટફોલિઓ ધરાવે છે જેમાં અગાઉથી કાર્યરત ૩૦૦ મેગાવોટ ઉપરાંત નિર્માણ હેઠળની ૫૦૦ મેગાવોટ અને ૨૫૦ મેગાવોટની હાલ ભારતમાં પ્રગતિ હેઠળના સૌર અને પવન ઉર્જા બન્નેના પ્રોજેક્ટની અસ્ક્યામતોનો સમાવેશ થાયછે. ધરાવે છે.આ વ્યવહાર સાથે ટોટાલ એનજીર્સએ અદાણી ગ્રીનએનજીલિ. સાથે નાતેના વ્યૂહાત્મક જોડાણને ફરી ગાઢ બનાવવા સાથે ૨૦૩૦ના અંત સુધીમાં ૪૫ ગિગાવોટની ક્ષમતાના લક્ષ્યને હાંસલ કરવા એક જોરદાર સમર્થન પુરું પાડ્યું છે.

### છેલ્લા પાનાનું.

દ્વારા મકાન ખાલી કરવા બાબતે ૧૮ જેટલા કેસ તેમના વિરુદ્ધ કરેલા તે તમામ કેસ પાછા ખેંચી લેવા માટે ઢીકા પાટુ નો માર મારેલ તેમજ કનુભાઈ રાઠોડ અને પિયુષ ભાઈ હીરાલાલ ચૌહાણ દ્વારા લાકડાના સાંબેલા અને ધર્મેન્દ્ર હીરાલાલ ચૌહાણ દ્વારા લાકડી વડે માર મારી ફરિયાદી કિરણબેન ને ડાબા હાથે ફેક્ચર કરી મહાવ્યથા ઉપજાવેલ છે જે બાબતનો કેસ સાવરકુંડલા કોર્ટમાં ચાલી જતા નામદાર જજ સાહેબે તમામ આરોપીઓને કસૂરવાર ઠેરવી ભારતીય દંડ સંહિતા કલમ ૪૫૨. ૧૪૩. ૧૪૭. ૧૪૮. ૩૨૩. ૩૨૫ ૫૦૪. ૫૦૬.૨ તથા બીપી એક્ટ મુજબ ૧૩૫ ના કલમ અન્વયે તમામ આરોપીઓને છ માસ અને એક વર્ષ એમ દોઢ વર્ષની સજા તેમજ રૂપિયા ૧૦૦૦ અને ૩,૦૦૦ એમ કુલ તમામ આરોપી અને ૪,૦૦૦નો દંડ ફટકારવામાં આવેલ છે ત્યારે સરકારી વકીલ પીપી એચએમ ત્રિવેદીની ધારદાર દલીલો નામદાર કોર્ટે માન્ય રાખી હતી..આ કેસમાં કુલ સાત આરોપીઓ હતા જેમાં સાતમા આરોપી હીરાલાલ વશરામભાઈ ચૌહાણ અવસાન પામતા તેમના પર કાર્યવાહી બંધ રાખવામાં આવેલ છે

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા.૨૮.૧૨.૨૦૨૩ ગુરુવાર ,સંવંત ૨૦૮૦, માગશર વદ બીજ, પુનર્વસુ નક્ષત્ર, ઐંદ્ર યોગ,તૈતિલ કરણ આજે સાંજે ૬.૪૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) ત્યારબાદ કર્ક (ડ,હ) રહેશે.

## ફેઈસ રીડિંગ : ચહેરા પર રહેલા ગ્રહો વાંચવાની કલા!

ચહેરો આપણા અસ્તિત્વનો અરીસો છે. આપણા ચહેરાની રેખાઓ, આકાર અને હાવભાવ આપણા અંતરની વાતો કહી દે છે. ફેસ રીડિંગ એ જ્યોતિષ અને સામુદ્રિક શાસ્ત્રની જ એક શાખા છે. ચહેરાનું અવલોકન કરીને વ્યક્તિનો સ્વભાવ, લાગણીઓ, વિચારધારા અને ભવિષ્ય જાણી શકાય છે !પ્રાચીન કાળથી વિશ્વ ફેઈસ રીડિંગને મહત્વ આપતું રહ્યું છે અને મોટા ભાગે આપણે વ્યક્તિને જોઈ ને અનુમાન લગાવતા હોઈએ છીએ પણ ફેઈસ રીડિંગ આપણને સટીક પણે સામા વ્યક્તિ વિષે માહિતી આપે છે. સામુદ્રિક શાસ્ત્ર અને જ્યોતિષમાં ચહેરાના અલગ-અલગ અવયવોના આકાર અને ચિહ્નોના અર્થો સમજાવવામાં આવ્યા છે. જેમ કે , મોટા કપાળને



જ્ઞાન , ખ્યાતિ સાથે અને લાંબા નાકને મહત્વાકાંક્ષા સાથે અને ઊંડી આંખોને શાંત સ્વભાવ સાથે જોડવામાં આવે છે. જે રીતે જન્મકુંડળીમાં ગ્રહો જોઈ શકાય છે એ જ રીતે હસ્તરેખામાં અને ચહેરા પણ તે વાંચી શકાય છે.પરંતુ હા, તેને ડિકોડ કરતા આવડવું જોઈએ તો જાતક વિષે ચહેરો જોઈને ઘણું ભવિષ્ય પણ ભાખી શકાય છે અને સારા ભવિષ્ય માટેના ઉપાય પણ યોજી શકાય છે આપણા વડીલો આ જ્ઞાન જાણતા હતા માટે જ ગ્રહો સુધારવા માટે લલાટ પર વીવીધ તિલક લગાવવાનો પ્રયોગ શરુ થયો વળી બહેનો બિંદી કરે છે તે આજ્ઞાચક્રનો ભાગ છે જેનાથી આજ્ઞા ચક્ર જાગૃત થઈ હકારાત્મક કામગીરી કરે છે.

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ ,ઠ ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.
તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો , શુભ દિન.
વૃશ્ચિક (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ ): દિવસ દરમિયાન દોડધામ રહે , સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ ,સ,શ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૧૦૫૫ થી ૧૪૬૦ મગફળી ૯૦૯ થી ૧૪૮૨

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૦૦-૧૩૧૧
શિંગમોટી-૯૩૦-૧૫૫૪
અડદ-૧૪૨૦-૨૧૦૦
તલસફેદ-૧૬૦૦-૩૪૪૭
તલકાળા-૨૦૦૦-૩૩૦૩
બાજરો-૪૦૦-૫૪૦
ઘઉંટુકડા-૪૮૭-૬૪૮
ઘઉંલોકવન-૪૯૧-૬૧૬
એરંડા-૧૦૯૬-૧૧૧૬
ચણા-૯૦૦-૧૧૧૫
કપાસ-૧૦૨૦-૧૪૮૧
જુવાર-૭૦૦-૧૦૦૫
મગ-૧૦૦૦-૧૯૩૫
ધાણા-૧૧૦૧-૧૩૯૯
સોયાબીન-૮૨૫-૯૧૬
તુવેર-૧૬૦૦-૧૯૬૭
મરચાલાંબા-૧૧૦૦-૩૪૫૯

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૦૦-૩૦૦
રીંગણા-૫૫૦-૬૫૦
ફ્લાવર-૩૦૦-૪૦૦
કોબીઝ-૨૨૦-૨૮૦
ટમેટાં-૨૦૦-૨૬૦
સુરણ-૭૦૦-૮૦૦
ગાજર-૩૨૦-૪૧૦
દુધી-૨૨૦-૨૯૦
કારેલા-૭૦૦-૮૫૦
ગલકા-૭૫૦-૯૦૦
કાકડી-૫૦૦-૬૩૦
ગુવાર-૧૪૦૦-૧૬૦૦
ચોળાલીલા-૫૦૦-૬૫૦
તુરીયા-૭૫૦-૮૫૦
ભીડો-૧૦૦૦-૧૧૦૦
આદુ-૧૮૦૦-૨૧૦૦
કોથમીર-૨૦૦-૩૦૦
મેથીભાજી-૪૫૦-૫૨૦
ટીડોરા-૭૦૦-૮૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૫૦૦-૬૦૦
લસણસુકું-૩૦૦૦-૩૬૦૦
લીંબુ-૭૦૦-૮૦૦
પાલક-૩૨૦-૪૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૩૮૦-૫૩૬
જુવાર-૬૫૦-૧૨૨૬
ઘંઉ-૪૭૧-૬૨૨
મગ-૧૪૦૦-૨૧૭૧
ચણા-૮૦૦-૧૩૦૦
સોયાબીન-૬૫૦-૮૯૫
શીંગ-૮૦૦-૧૪૫૦
તલસફેદ-૨૭૦૦-૩૨૭૫
અડદ-૧૬૭૫-૧૯૧૨
કપાસ-૧૦૦૦-૧૪૪૨

**મહુવાયાર્ડ**
શીંગ-૧૨૦૧-૧૩૬૨
શીંગજી-૧૨૫૧-૧૪૩૨
જુવાર ૫૫૧-૧૧૦૫
તલ-૨૫૧૫-૩૧૬૨
બાજરો-૫૦૦-૮૫૦
મગ-૬૪૧-૨૭૦૦
નાળીયેર-૫૫૦-૧૭૯૬
ચણા-૯૪૦-૧૦૪૬
મકાઈ-૪૭૨-૫૫૦
અડદ-૧૨૧૦-૧૬૭૮
સોયાબીન-૮૦૦-૯૨૦

**બાબરા**
કપાસ-૧૨૧૦-૧૪૮૦
ઘઉં-૪૫૬-૫૪૪
ચણા-૮૮૫-૧૦૩૫
તલકાળા-૨૮૪૦-૩૧૦૦
તલસફેદ-૨૫૮૦--૩૦૫૦
અડદ-૧૬૧૦-૧૭૬૦
મગફળી-૧૨૩૫-૧૩૪૫
સોયાબીન-૮૫૦-૮૭૦

**ધારી**
કપાસ-૧૦૫૧-૧૪૫૨
મગફળી-૯૦૧-૧૩૮૧
ઘઉં-૪૭૫-૫૪૫
તુવેર-૧૬૨૫-૧૬૨૫
ચણા-૮૭૦-૧૦૧૮
બાજરો-૪૫૦-૪૫૦
વાલ-૧૫૦૦-૧૬૦૫
ધાણા-૧૧૭૦-૧૩૩૧
શીંગદાણા-૧૬૦૦-૧૬૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૪-૧૪૨૭
તલસફેદ-૨૫૦૦-૩૨૮૧
મકાઈ-૪૮૦
તુવેર-૧૫૦૦-૧૯૧૧
કપાસ-૧૨૮૦-૧૪૮૦
ઘઉં-૪૫૦-૫૭૩
બાજરો-૩૭૦-૪૮૪
મગ-૧૭૦૨-૨૨૦૦
ચણા-૮૫૦-૧૦૬૦
સોયાબીન-૮૫૦-૯૧૧
ધાણા-૧૩૦૦-૧૩૯૧

**ખાંભા**
કપાસ-૧૨૦૫-૧૫૦૦
મગફળી-૧૧૧૧-૧૩૨૫
બાજરો-૪૩૦-૪૩૦
સોયાબીન-૭૦૦-૮૬૨
તલસફેદ-૨૭૫૨-૩૦૦૦
તુવેર-૧૫૫૨-૧૫૫૨

**બગસરાયાર્ડ**
કપાસ-૧૧૦૦-૧૪૪૦
ચણા-૧૦૦૦-૧૧૦૦
ઘઉં-૪૭૫-૫૩૬
મગ-૯૦૦-૧૦૨૩
સોયાબીન-૭૦૦-૮૯૦
અડદ-૧૪૯૧-૧૪૯૧
તલસફેદ-૨૬૦૦-૩૦૬૦
બાજરો-૪૮૨-૪૮૨

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૪૦૦-૯૦૦
દાડમ-૫૦૦-૨૦૦૦
મુસંબી-૩૦૦-૭૦૦
જામફળ-૨૦૦-૭૦૦
સંતરા-૪૦૦-૮૦૦
કીવી-૩૬૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૨૦૦
સીતાફળ-૬૦૦-૧૨૦૦
કેળા-૩૦૦-૫૦૦
પૌપૈયા-૨૪૦-૩૬૦
સફરજન હિમાચલ-
સ. કાશ્મીર-૭૦૦-૨૦૦૦
અનાનસ-૫૦૦-૮૦૦
અંગુર-૧૦૦૦-૨૦૦૦

**લીલીયા**
કપાસ-૧૦૭૪-૧૪૭૧

**અમરેલી આજનું તાપમાન**

| | |
|---|---|
| મહ ામ તાપમાન | ૨૯.૧૨ |
| ન્યુનતમ તાપમાન | ૧૪.૪ |
| ભેજનું પ્રમાણ | ૬૨ |
| પવનની ગતિ સરેરાશ | -૯.૭ |

### અવધ હેરીટેજ રિસોર્ટ ખાતે સીનીયર સીટીઝનોની ઉપસ્થિતિમાં નામદાર આગાખાન સોશ્યલ વેલફેર બોર્ડ ના સૌજન્યથી

# નામદાર આગાખાનનો જન્મદિવસ ઉજવતા સીનીયર સીટીઝનો

### નામદાર આગાખાનના જન્મદિવસની ઉજવણીના ઉત્સવમાં અમરેલી કાઉન્સીલના પુર્વ પ્રેસીડેન્ટ શ્રી જહાંગીરભાઇ મીઠાણીનો જન્મ દિવસ પણ ઉજવાયો

### પુર્વપ્રેસીડેન્ટ શ્રીમતી ગુલશનબહેન મીઠાણી તથા મુખી શ્રી રાજુભાઇ કેશવાણી, કામડીયા શ્રી રાજુભાઇ નથવાણી અને પ્રોજેકટ ઇન્ચાર્જ શ્રી શબીરા વસાયાની ઉપસ્થિતિ







અમરેલી,અમરેલીના વરૂડી ખાતે અવધ હેરીટેજ રિસોર્ટ ખાતે સીનીયર સીટીઝનોની ઉપસ્થિતિમાં નામદાર આગાખાન સોશ્યલ વેલફેર બોર્ડ ના સૌજન્યથી નામદાર આગાખાનનો જન્મદિવસ સીનીયર સીટીઝનોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો.દર વર્ષે નામદાર આગાખાનના જન્મદિવસની ઉજવણીના બે ઉત્સવ ઉજવાય છે એક ઈનડોર અને એક આઉટડોર હોય છે આઉટડોર ઉત્સવમાં આ વખતે અવધ હેરીટેજ રિસોર્ટ ખાતે ૬૦ વર્ષની ઉપરની વય ધરાવતા ૭૫ સીનીયર સીટીઝનોનો કાર્યક્રમ ઉજવાયો હતો.આ કાર્યક્રમમાં અમરેલી કાઉન્સીલના પુર્વ પ્રેસીડેન્ટ શ્રી જહાંગીરભાઈ મીઠાણીનો જન્મ દિવસ પણ ઉજવાયો હતો તેમને સૌએ જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી આ સમયે તેમના ધર્મ પત્ની અને અમરેલી જિલ્લાના પુર્વ પ્રેસીડેન્ટ શ્રીમતી ગુલશનબહેન મીઠાણી તથા મુખી શ્રી રાજુભાઈ કેશવાણી, કામડીયા શ્રી રાજુભાઈ નથવાણી અને પ્રોજેકટ ઈન્ચાર્જ શ્રી શબીરા વસાયા સહિતના સીનીયર સિટીઝનો ઉપસ્થિત રહયા હતા.

### મુકેશ સંઘાણીના ૫૧ મા જન્મ દિવસ ઉજવણી અંતર્ગત

# જીલ્લાની વિવિધ સંસ્થાઓ દ્વારા સેવા કાર્યક્રમો યોજાયા

### રાજુલા, જાફરાબાદ, ખાંભા, બગસરા, ધારી, ચલાલા, સાવરકુંડલા, લીલીયા, દામનગર, લાઠી, બાબરા, વડીયા, કુકાવાવ, મહુવા અને વિજપડી ખાતે જન્મ દિવસને વધાવતી વિવિધ સંસ્થાઓ : વિવિધ આગેવાનો



અમરેલી,

યુવાનોના માર્ગદર્શન, દિર્ઘષ્ટા અને સારહીતપોવન આશ્રમના નિર્માતા મુકેશ સંઘાણીના જન્મ દિવસ અનેકવિધ સેવા પ્રવૃતિના માધ્યમ થી યાદગાર બનાવવામા આવ્યો જેમા અમરેલી જીલ્લાની વિવિધ સંસ્થાઓ ારા સમગ્ર અમરેલી જીલ્લાના વિવિધ સ્થાનોપર લોકકલ્યાણની સેવા પ્રવૃતિ કરવામા આવી હતી જેમા રાજુલા ખાતે સહયોગ ગૃપ અને મુકેશ સંઘાણી મીત્ર મંડળ ારા સિવિલ હોસ્પિટલ અને સ્લમ વિસ્તારમાં નાસ્તો ત્થા ફ્રુટ વિતરણ કરવામા આવેલ, ધારી ખાતે બજરંગ ગૃપ ારા ધારી સિવીલ હોસિપટલમા ફ્રુટ વિતરણ તથા ધાબળા વિતરણ કરવામા આવેલ, સાવરકુંડલા ખાતે સાઈનાથ યુવક મંડળ માનવ મંદિર ખાતે ભોજન પીરસવામા આવેલ, વિજપડી માધવ યુવક મંડળ ારા નેત્ર નિદાન કેમ્પ અને ભોજન પ્રસાદ યોજાયેલ, જાફરાબાદ ખાતે કોળી સમાજ યુવા ગૃપ ારા ભુલકાઓને નાસ્તાનું વિતરણ કરવામા આવેલ, લાઠી ખાતે કસરી કલબ ઓફ લાઠી ારા સીવીલ હોસ્પિટલમા ફ્રુટ વિતરણ કરવામા આવેલ, બાબરા ખાતે સરદાર યુવા સોશ્યલ ગૃપ તથા યુવા મોરચો ારા સ્લમ વિસ્તારમા ફ્રુટ અને નાસ્તાનું વિતરણ કરવામા આવેલ. બગસરા ખાતે શિવા ગૃપ ારા શહેરના જરૂરતમંદ વિસ્તારમા શૈક્ષણિક કીટ વિતરણ કરવામા આવેલ, ચલાલા ખાતે સમસ્ત વેપારી મહા મંડળ ારા સ્લમ વિસ્તારમા નાસ્તા કરાવવામા આવેલ, મહુવા ખાતે મુકેશ સંઘાણી મીત્ર મંડળ ારા મહુવા ખાતેના વૃધ્ધાશ્રમમાં ભોજન પીરસવામા આવેલ, લીલીયા ખાતે લીલીયા ચેમ્બર ઓફ કોમર્સ ારા સીવીલ હોસ્પિટલમા ફ્રુટ વિતરણ કરવામા આવેલ, દામનગર ખાતે દામનગર ચેમ્બર ઓફ કોમર્સ ારા સીવીલ હોસ્પિટલમા ફ્રુટ અને ધાબળા વિતરણ કરવામા આવેલ, કુક્વાવ તાલુકા ભાજપ પરિવાર ારા રામ રોટીઘરમાં મિષ્ટાંન પીરસવામા આવેલ, વડીયા ચેમ્બર ઓફ કોમર્સ ારા ભુખ્યાજનોને ભોજન પીરસવામા આવેલ, ખાંભા ખાતે મહાદેવ ગૃપ તથા ગ્રીન ગૃપ ારા સ્લમ વિસ્તારમા નાસ્તો આપવામા આવેલ. મુકેશ સંઘાણીના સેવા સ્વપ્નને તેમના જન્મ દિવસે અમરેલી જીલ્લાની વિવિધ સંસ્થાઓ ારા જે તે વિસ્તારમા સેવાકીય પ્રવૃતિ સાથે ઉજવી અસ્મરણિય સહયોગ સાથે માનવકલ્યાણની પ્રવૃતિ કરવામા આવતા સમગ્ર જીલ્લામા આનંદ છવાયો હતો તેમ અખબારી યાદીમા જણાવાયેલ છે.

## સ્માર્ટ મીટરની કામગીરી ઝડપી બનાવવા માટે અદાણી એનર્જીસોલ્યુશન્સ લિ. એ IHC સમર્થિત ઇસ્યાસોફ્ટ (Esyasoft) સાથે સંયુક્ત સાહસ સ્થાપ્યું

અમદાવાદ, (રાજેશ મહેતા) ભારતની અગ્રણી ખાનગી ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની અને વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના એક અંગ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESyL) એ આજે જણાવ્યું હતું કે તેણે ઉએ સ્થિત એસ્યાસોફ્ટ હોલ્ડીંગ્સ (Esyasoft) સાથે ૪૯:૫૧ના હિસ્સા સાથેના સંયુક્ત સાહસની રચના કરીને ભારત અને અન્ય દેશોમાં સ્માર્ટ મીટરિંગ પ્રોજેક્ટ્સ લાગુ કરવા માટેના વ્યવસાયને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી ટ્રાન્સમિશન સ્ટેપ-ફોર લિમિટેડ દ્વારા અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL) એ Esyasoft Holdings Ltd.ના સ્માર્ટ મીટરિંગ સોલ્યુશન્સ આર્મમાં ૪૯% હિસ્સો હસ્તગત કર્યો છે અને આ કંપનીનું નામ બદલીને અદાણી એસ્યાસોફ્ટ સ્માર્ટ સોલ્યુશન્સ લિમિટેડ રાખવામાં આવ્યું છે. IHC તેની પેટાકંપની સિરિયસ ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ દ્વારા ઈજઅચર્જકામાં મુખ્ય શેરધારક હોવાથી આ વ્યવહાર અદાણી અને અબુ ધાબીની ઈન્ટરનેશનલ હોલ્ડિંગ કંપની (IHC) વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવે છે. અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. પાસે BEST મુંબઈ (૧૦.૮ લાખ), મહારાષ્ટ્ર ડિસ્કોમ (૧.૧૫ કરોડ), ઉત્તરાખંડ (૬.૫ લાખ), આંધ્રપ્રદેશ (૪૧.૨ લાખ), બિહાર (૨૮.૪ લાખ) અને આસામ (૭.૮) જેવી ડિસ્કોમમાંથી લગભગ ૨ કરોડ સ્માર્ટ મીટરની ઓર્ડર બુક છે. અને તેમાં વધુ ઉમેરાય તેવી શક્યતા છે. કંપનીની પોતાની ડિસ્ટ્રિબ્યુશન આર્મ અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈએ પહેલાથી જ તબક્કા ૧ માં આયોજિત તેના ૭ લાખ સ્માર્ટ મીટરમાંથી મોટા ભાગનું ઈન્સ્ટોલેશનનું કામ પુરું કર્યું છે. ભારતના સ્માર્ટ મીટરિંગ બિઝનેસ માર્કેટનું કદ લગભગ ૨૫ કરોડ જગ્યાઓને પૂર્ણ કરે તેવી અપેક્ષા છે, જેમાંથી ૮ કરોડ મીટર માટેના ટેન્ડરો હજુ બહાર પાડવાના બાકી છે, જે ભવિષ્યમાં વિકાસની પૂરતી તકો દર્શાવે છે.

## ટાટા કેમિકલ્સે ૨૩મી ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન કર્યું

અમદાવાદ, (રાજેશ મહેતા)

ટાટા કેમિકલ્સ લિમિટેડે મીઠાપુરમાં સ્થાનિક સમુદાયમાં આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવાનાં હેતુથી ૨૩મી ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં ૨૧ કિલોમીટરની હાફ મેરેથોન, ૧૦ કિલોમીટર રન અને ૫ કિલોમીટરની ફન રન રાખવામાં આવી હતી. કુલ ૮૫ સહભાગીઓમાંથી ૪૩ ટાટા કેમિકલ્સનાં કર્મચારીઓ હતા. ૧૦ કિલોમીટરની રનમાં ૨૦૧ સહભાગીઓ હતા, જેમાં ૧૦૦ ટાટા કેમિકલ્સનાં કર્મચારીઓ હતા તથા અન્ય સ્થાનિક સમુદાયમાંથી હતા. હાફ મેરેથોનને એન. કામથ તથા ટાટા કેમિકલ્સનાં પૂર્વ કર્મચારીએ ફ્લેગ ઓફ કરી હતી. પ્રવિણ કશ્યપને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વધુમાં, દિલીપસિંહ જાડેજા અને રામદેવસિંહ વાઢેર એ અનુક્રમે રનર-અપ અને સેકન્ડ રનર-અપનું સ્થાન મેળવ્યું હતું. કંપનીએ દરેક સહભાગીને પ્રોત્સાહન આપવા માટે પ્રમાણપત્રો રજૂ કર્યા હતા.

આ ઈવેન્ટ વિષે વાત કરતા ટાટા કેમિકલ્સનાં ચીફ મેન્યુફેક્ચરીંગ ઓફિસર એન. કામથે કહ્યું હતું કે, ટાટા કેમિકલ્સ ખાતે, અમારા સમુદાય અને કર્મચારીઓ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અમારી વાર્ષિક હાફ મેરેથોનમાં ઉજાગર થાય છે. આ મીઠાપુર ખાતે અગાઉનાં પ્લાન્ટ હેડ સ્વર્ગસ્થ શ્રી પ્રભાકર માટે શ્રદ્ધાંજલિસ્વરૂપ છે. પ્લાન્ટ અને સમુદાય બંનેને આકાર આપવા માટે સમર્પિત ૨૫ વર્ષ સાથે, શ્રી પ્રભાકરનો વારસો મેરેથોનમાં જીવંત છે અને દરેક સહભાગીઓની ભાવનામાં જોવા મળે છે. અમે તમામ હિતધારકોનો જોમ અને સુખાકારીની આ વાર્ષિક ઉજવણીમાં તેમના યોગદાન માટે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ કારણ કે અમને દર વર્ષે અભૂતપુર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. તમામ વિજેતાઓને અભિનંદન.‘

આ વાર્ષિક મેરેથોનની શરૂઆત ટાટા કેમિકલ્સ દ્વારા ૧૯૯૫માં મીઠાપુર પ્લાન્ટના હેડ તરીકે સ્વર્ગસ્થ શ્રી પ્રભાકરનાં વારસાને આગળ ધપાવવા માટે કરવામાં આવી હતી. તંદુરસ્તીને લગતા ફાયદાઓ ઉપરાંત, આ વાર્ષિક ઈવેન્ટ અમારા સમુદાયમાં મિત્રતાની મજબૂત ભાવનાને પ્રોત્સાહન આપવા માટે કંપનીની પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે.

## ઘાંડલામાં ૪૮ લાખના કામોનું લોકાર્પણ કરતા શ્રી કસવાલા

### ૧.૨૫ લાખ લીટરનો ઓવરહેડ ટાંકો અને ગ્રામપંચાયતનું લોકાર્પણ કર્યુ



સાવરકુંડલા, સાવરકુંડલા/લીલીયા વિસ્તારનાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સરકારશ્રી માંથી અઢળક ગ્રાંટો પોતાના વિધાનસભા મતવિસ્તારમાં લાવી રહ્યાં છે અને એકપછી એક કામના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કરી રહયા છે ત્યારે ઘાંડલા ગામે પણ ગ્રામજનોની ઉપસ્થિતિમાં રૂ. ૩૧ લાખના ખર્ચે બનેલ ૧.૨૫ લાખ લીટર પાણીની ઓવર હેડ ટાંકીનુ લોકાર્પણ કર્યુ હતું આ સાથે ઘાંડલા ગ્રામ જનોને મહેસૂલી સુવિધાઓ સરળ રીતે મળી શકે તેવા શુભ આશયથી રૂ. ૧૭ લાખનાં રકમ સાથે મંજૂર કરાવેલ ગ્રામ સચિવાલય (ગ્રામ પંચાયત) બિલ્ડીંગનુ પણ લોકાર્પણ કર્યુ હતું આ લોકાર્પણમાં સરપંચ શ્રીમતી જયાબેન કાતરીયા, ઉપસરપંચ શ્રી દિલુભાઈ ખુમાણ, સાવરકુંડલા છ્ફ્ર સદસ્ય અને ગામનાં માજી સરપંચ શ્રી દિનેશભાઈ કાતરીયા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી જીવનભાઈ વેકરીયા, સા.કું સરપંચ એશોશિયેશનના અધ્યક્ષ શ્રી હિતેશભાઈ ખાત્રાણી, તાલુકા ભાજપ મહામંત્રી શ્રી ચેતનભાઈ માલાણી, હરેશભાઈ ભૂવા વિજપડી તથા ગ્રામ પંચાયત સભ્યો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઊપસ્થિત રહયા હતાં અને અંતમાં ધારાસભ્ય મહેશ કસવાલાએ પોતાના પ્રવચનમાં આવનારા સમયમાં ઘાંડલા ગામને હજુ આનાથી વિશેષ રૂડું અને રળિયામણું બનાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તેમ ‘અટલધારા‘ કાર્યાલય ઈન્ચાર્જ શ્રી જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવેલ છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# અંજારનાં રતનાલમાં વિકસીત ભારત સંકલ્પ યાત્રા યોજાઇ

### ધારાસભ્યશ્રી ત્રિકમભાઇ છાંગાનાં અધ્યક્ષ પદે સંકલ્પ યાત્રાનું આયોજન



ભુજ, (જયશ્રીબેન મહેતા) અંજાર તાલુકાના રતનાલ ગામે પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા ધારાસભ્યશ્રી દ્વારા રતનાલ ગામના નાગરિકોને અપીલ કરવામાં આવેલ હતી. ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા પ્રધાનમંત્રીશ્રીનો રેકોર્ડેડ વીડિયો સંદેશ નિહાળ્યો હતો. મેરી કહાની મેરી જુબાની હેઠળ લાભાર્થીઓએ સરકારશ્રીની યોજનાઓના લાભ અંગે પોતાના પ્રતિભાવ આપીને સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સરકારશ્રીની વિવિધ યોજના જેવી કે પી.એમ.ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કીટ, એન.એફ.એસ.કાર્ડ, આંબેડકર આવાસ યોજનાના લાભાર્થીને મકાન સહાય, સખી મંડળ ગ્રુપને પ્રશસ્તિ પત્ર, આયુષ્માન કાર્ડ વગેરે લાભો લાભાર્થીઓને આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોએ વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવા સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શોભનાબેન એસ.જાડેજા, જિલ્લા પંચાયત સદસ્યશ્રી મ્યાઝરભાઈ છાંગા, કારોબારી ચેરમેનશ્રી શામજીભાઈ ચાવડા, અગ્રણી શ્રી પરમાભાઈ પટેલ, શ્રી કાનજીભાઈ જીવાભાઈ આહીર, ટીડીઓ સુશ્રી પી.એ.ચૌધરી, શ્રી હાર્દિકભાઈ દવે, તાલુકા હેલ્થ ઓફીસરશ્રી ડો. અંજારીયા, ડો.નાથાણી, શ્રી ભરતસિંહ રાજપૂત સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# રાખેજમાં આત્મરક્ષા શિક્ષણ તાલીમ અપાશે

### માધ્યમિક શાળા ખાતે તાલીમનું આયોજન



ગીર સોમનાથ, સુત્રાપાડા તાલુકાના રાખેજ ગામ ની માધ્યમિક સ્કૂલ ખાતે રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ અંતર્ગત કન્યાઓને તાલીમ અપાશે. સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા - રાખેજ, મા ‘રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ‘ કાર્યક્રમ અંતર્ગત સ્વરક્ષણ તાલીમ વર્ગની શરૂઆત શાળા કક્ષાએ કરવામાં આવી. શિક્ષણ વિભાગ દ્વારા રાણી લક્ષ્મીબાઈ આત્મ રક્ષા પ્રશિક્ષણ અંતર્ગત અઠવાડિયાના ત્રણ દિવસોમાં રેસલિંગ જુડો કરાટે સહિતની સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવશે. જેમાં શાળાની ધોરણ - ૯ થી ૧૨ ની કુલ ૧૨૮ દીકરીઓ કરાટે ની તાલીમ મેળવશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# માંગરોળમાં ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ સહિતના મહાનુભાવોના હસ્તે યોજનાકિય લાભોનું વિતરણ કરાયું



જૂનાગઢ, માંગરોળના કાલેજ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનોએ વાજતે ગાજતે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને તેમના હસ્તે કેન્દ્ર રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોએ ટીબી સ્ક્રિનિંગ ઉપરાંતની આરોગ્ય સેવાઓ લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓ અને રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું સાથો સાથ ગામના વિશિષ્ટ મહિલાઓ અને સ્થાનિક કલાકારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ધરતી કહે પુકાર કે લઘુ નાટકના માધ્યમથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત પોતાના પ્રતિભાવો આપ્યા હતા. નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી સોમતભાઈ વાસણ, અગ્રણી સર્વશ્રી ભાવેશભાઈ ડાભી, રામભાઈ વાજા, સરપંચ મોતીબેન ભરડા સહિતના અગ્રણીઓ અને જુદા જુદા વિભાગના કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના યુવા પ્રમુખ કમલેશભાઈ ગરણિયાના નેતૃત્વમાં

# દ્વારકાના રાસોત્સવમાં અમરેલીએ સેવાની જ્યોત જગાવી

**નંદધામ દ્વારકામાં ૩૫૦ જેટલા આહીર સમાજના યુવાનોએ રસોડા વિભાગ માં રાતદિવસ જોયા વગર અવિરત સેવા આપી**

**કાર્યક્રમની સફળતા એ ઇષ્ટદેવ દ્વારકાધીશની કૃપા, અમારી સેવાએ સમાજ પ્રત્યેની નિષ્ઠા અને ફરજનો એક ભાગ છે**

**અમરેલી જિલ્લાના મોટાભાગના રાજકીય નેતાઓ અને સ્થાનિક લોકોએ પણ નિસ્વાર્થ સેવાને સોશ્યલ મીડિયા મારફત બિરદાવી**



વડિયા,

અખિલ ભારતીય આહીરાણી મહારાસ નુ ભવ્ય અને દિવ્ય આયોજન ભગવાન શ્રી કૃષ્ણ ની દ્વારીકા નગરીમાં નાગેશ્વર રોડ પર નંદધામનુ નિર્માણ કરી તે વિશાળ જગ્યા માં આયોજન કરાયું હતુ. આ મહારાસ ના અલૌકિક કાર્યક્રમ માં પચાસ હજાર જેટલી આહીરાણી બહેનોએ ઈષ્ટદેવ દ્વારકાધીશ ના સ્મરણ સાથે કૃષ્ણભાવમાં સમર્પિતબનીસતતત્રણક્લાસજેટલાંસમય સુધી પરંપરાગત પહેરવેશ માં મહારાસ યોજ્યો હતો ત્યારે સમગ્ર બ્રહ્માંડ ના દેવી દેવતાઓ અને ઈસ્ટદેવ દ્વારકાધીશ સાક્ષાત હાજરહોયતેવોભાવઅનેદ્રષ્યોસર્જાયાહતા જેનીનોંધસમગ્રવિશ્વ,ભારતઅનેગુજરાતમાં ભરમાં લેવાઈ છે. ત્યારે આ ભગીરથ કાર્યમાં વિવિધ જિલ્લા ના યુવાનોએ સેવા આપી આ ભવ્ય કાર્યક્રમ ને નિર્વિઘ્ને સફળતા ના ચાર ચાંદ લગાવ્યા હતા. ત્યારે સતત છેલ્લા ત્રણ માસ થી આ કાર્યક્રમ ના આયોજન અને સંકલન માં જોડાયેલ અમરેલી જિલ્લા આહીર સમાજના યુવા પ્રમુખ કમલેશભાઈ ગરણિયા ના નેતૃત્વમાં અમરેલી જિલ્લા માંથી મહારાસ માં ભાગલેનાર બહેનોને ધાર્મિક ગ્રંથ એવા ગીતાજી ના વિતરણ માં સમગ્ર જિલ્લા માંથી દાન એકત્ર કરાયું હતુ. સાથે અમરેલી જિલ્લા માંથી મહારાસ માં ભાગ લેનાર બહેનો માટે બસ સેવા નુ આયોજન કરી તમામ બહેનો મેં કોઈ મુસ્કેલી ના પડે તે માટે પુરી તકેદારી રાખી તેમના માટે યુવા પ્રમુખ દ્વારા પોરબંદર ના ચૌટા ગામ મુકામે આવેલા આહીર સમાજમાં તારીખ ૨૩ બપોરે અને ૨૪ ના રોજ સાંજે ફૂલ ડીશ જમણવાર નુ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. દ્વારકા મુકામે નંદધામ ના રસોડા માં અમરેલી જિલ્લા ના ખારા, ઢાંગલા, પીપળવા, સાજણટીબા, જારખિયા, મોણપુર, વડિયા, નાજાપુર, બરવાળા બાવીશી, આંબરડી, માલસીકા, બોરડી, ડાંગવદર, ભમ્મર, ધાંડલા, રાજુલા, લાઠી, ચાવંડ, સાવરકુંડલા, ખાંભા અને અમરેલી શહેર ના આહીર સમાજના ૩૫૦થી વધુ સ્વયંસેવકો એ સતત ત્રણ દિવસ રાત દિવસ જોયા વગર રસોડા વિભાગ માં સેવા આપી એક અનોખી સમાજ સમર્પણ સાથે સેવાની જ્યોત જગાવી હતી. આ સાથે અમરેલી જિલ્લા ના પોલીસ કર્મીઓ, ડોક્ટર અને મીડિયા કર્મીઓ એ પણ પોતાની સેવા આ મહારાસ ના આયોજન માં આપી અને સમગ્ર જિલ્લા માંથી બહેનાઓ ના રજીસ્ટ્રેશન, ડેમો રાસ, પહેરવેશ અને માર્ગદર્શન માટે પણ જિલ્લા અને તાલુકા લેવલે સ્વયંસેવક બહેનોએ મહેનત કરી પોતાનું યોગદાન આપ્યું હતુ અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મહત્વનુ યોગદાન આપી અમરેલી જિલ્લાના આહીર સમાજના લોકોની ઉત્કૃષ્ટ નોંધ લેવાય તેવી કામગીરી કરી હતી. આ તકે અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયા નો સંપર્ક કરતા તેમને સમગ્ર એવું જણાવ્યું હતુ કે તમામ કાર્ય માં ઈષ્ટદેવ દ્વારકાધીશ ની અમી દ્રષ્ટિ થી આયોજિત થયો હતો અને તેમની કૃપાથી પોતાની શક્તિ મુજબ અમરેલી જિલ્લા ના આહીર સમાજના લોકોએ પોતાની સેવા આપી છે અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો છે તેનો સંપૂર્ણ યશ અંતે અમારા ઈષ્ટદેવ દ્વારકાધીશ ની કૃપા થી જ થયું છે અમે ફક્ત તેમાં નિમિતે બન્યા એ અમારું સૌભાગ્ય છે.

# ધારીમાં પ્રાર્થના હોલનું ઉદ્દઘાટન અને સામૂહિક સત્કાર કાર્યક્રમ યોજાયો

**જે.એન. દામાણી હાઇસ્કુલ ખાતે ૧.૭૦ કરોડના ખર્ચે પ્રાર્થના હોલ, લેબોરેટરીનું નિર્માણ કરાયું**




ધારી, (ઉદય ચોલેરા)

ધારીની ગ્રામ પંચાયત સંચાલિત સુખ્યાત હાઈસ્કુલ શ્રી જી.એન.દામાણી હાઈસ્કુલમાં ૧.૭૦ કરોડના ખર્ચે બનાવેલ વિશાળ પ્રાર્થના હોલ, લાઈબ્રેરી અને લેબોરેટરીનું ઉદ્ઘાટન અને દામાણી પરિવારનો સામૂહિક સત્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો. વર્ષ ૨૦૨૩ માં ૧.૭૦ કરોડ જેવી માતબર રકમનો ખર્ચ કરી આ ગામની શાળાને ૮૦૦ વિદ્યાર્થી બેસી શકે એવો પ્રાર્થના હોલ, વિશાળ લાઈબ્રેરી ખંડ અને કેમસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજી માટે લેબોરેટરી માટેનું અતિ આધુનિક બિલ્ડિંગનું નિર્માણ થતાં ઉદ્દઘાટન કરાયું હતું. ધારી ગ્રામ પંચાયત ટીમ અને શ્રી ભુપતભાઈ વાળાએ ખૂબ જહેમત ઉઠાવી હતી. પ્રિન્સિપાલ શ્રી માનસિંહ બારડ અને સમગ્ર સ્ટાફ છેલ્લા પંદર દિવસથી શિક્ષણ કાર્ય બાદ તનતોડ મહેનત કરી ને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શ્રી રમેશભાઈ દામાણી અને એમનો પરિવાર પ્રાથમિક અને માધ્યમિક બંને શાળાઓમાં વાલી મીટીંગ યોજી વાલીઓ સાથે સંવાદ કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતા વ્યક્ત કરી અને તેજસ્વી તારલાઓને બિરદાવ્યા હતાં. ધારી ગ્રામ પંચાયત દ્વારા દામાણીને ભુપતભાઈ વાળાની આગેવાનીમાં તલવાર અર્પણ કરી શુભભાવના સાથે સત્કાર કર્યો ત્યારબાદ શ્રી જી.એન. દામાણી આચાર્યશ્રી માનસિંહ બારડ તથા શાળા પરિવાર, શ્રી એસ.એન.દામાણી શાળા પરિવાર, જૈન સમાજ અને ભરતભાઈ શેઠ, શ્રી બજરંગ ગ્રુપ મુન્નાભાઈ પટ્ટણી, વાલી મંડળ શ્રી હરેશભાઈ, પિયુષભાઈ બજરીયા, કાળુભાઈ લીંબાસીયા, નિવૃત્ત શિક્ષકગણ શ્રી બાવકુભાઈ વાળા તેમજ શ્રી એમ.બી.મહેતા નિવૃત્ત આચાર્યશ્રી તથા અન્ય સૌ મિત્રોએ સન્માન કરી પોતાનો ભાવ સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરી શ્રી રમેશભાઈ દામાણી પરિવારનો આભાર માન્યો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગ્નેશગિરિ ગોસાઈ એ કર્યું હતું.


**-:સુધારા જાહેરાત:-**

જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ડીસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેશન એન્ડ રીહેબીલીટેશન સેન્ટર (DEIRC) અંતર્ગત હાલમાં ખાલી પડેલ જગ્યાઓ માટે તદન હંગામી ધોરણે નેશનલ હેલ્થ મિશન હેઠળ કરાર આધારિત ૧૧ માસ માટે ફીકસ વેતનથી ભરતી કરવાની થતી હોઈ લાયકાત ધરાવતા ઉમેદવારોએ વોક ઈન ઈન્ટરવ્યુમાં તા.૨૯/૧૨/૨૦૨૩ નારોજ સવારે ૯:૩૦ કલાકે હાજર રહેવા તા.૧૬/૧૨/૨૦૨૩ નારોજ અમરેલી થી પ્રસિધ્ધ થતા ન્યુઝ પેપરમાં જાહેરાત આપવામાં આવેલ હતી. જેમાં પીડીયાટ્રીશીયન(ભરવા પાત્ર જગ્યા-૧) વડી કચેરી ગાંધીનગરના આદેશ થી હાલ પુરતી ન ભરવાના હુકમ થતા જે જગ્યા આ ઈન્ટરવ્યુ દરમિયાન ભરવાપાત્ર રહેશે નહી.અને ડેટા એન્ટ્રી ઓપરેટર(ભરવાપાત્ર જગ્યા-૧) ના વેતનમાં રૂ.૧૩,૦૦૦/- દર્શાવેલ છે. જે શરતચુક થતા જે માસિક વેતન રૂ.૧૨,૦૦૦/- મળવાપાત્ર રહેશે.

સી.ડી.એમ.ઓ.જ.હો.અમરેલી

જિમાક/અમર/૪૦૭/૨૩-૨૪

**નામ બદલાવેલ જાહેરાત**

આથી હું સેંજલીયા નરેશભાઇ રમણીકભાઇ જાહેર કરૂ છુ કે, મારૂ જુનુ નામ સેજલીયા નરેશભાઇ રમણીકભાઇ હતુ જે બદલાવીને મે મારૂ નવુ નામ સેંજલીયા નરેશભાઇ રમણીકભાઇ (નવુ) કરેલ છે અને હવે પછીથી હું સેંજલીયા નરેશભાઇ રમણીકભાઇ તરીકે ઓળખાઇશ.

સહી : સેંજલીયા નરેશભાઇ રમણીકભાઇ

એડ્રેસ : I - ૨૦૨, અભિલાષા સ્કાય, સનસીટી બંગ્લોઝની સામે, ગોપાલ ચોકની બાજુમાં, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦

**વાવડી ગ્રામ પંચાયત તા.રાજુલા, જી.અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

આથી રસ ધરાવનાર તમામને આ જાહેર ખબરથી જાણ કરવામાં આવે છે કે, વાવડી ગામે પાણીનો ટાંકો તથા આંગણવાડીનો રૂમ જર્જરીત બાંધકામ ઇમલાની જાહેર હરરાજી તારીખ : ૨૯-૧૨-૨૦૨૩ ને શુક્રવારના રોજ ૧૪:૦૦ કલાકે સ્થળ પર રાખેલ છે. તો રસ ધરાવનાર વ્યક્તિઓએ હાજર રહેવુ. હરરાજીની શરતો હરરાજીના દિવસે સ્થળ ઉપર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

અનકભાઇ ધાખડા
સરપંચ
વાવડી ગ્રામ પંચાયત

**મકાન ખરીદ કરવાની અમુલ્ય તક... તકને તેડા ન હોય..**

લાઠી રોડ ઉપર કે.કે.પાર્કમાં ઉતર દ્વારનું 4BHK બંગલા ટાઇપ મકાન અરજન્ટ વેચવાનું છે

લાઠી રોડ એસ.ટી. ડિવીઝન સામે ૧૦૪ વારના પ્લોટમાં 2BHK પુર્વ દ્વારનું મોટા પાર્કિંગવાળુ મકાન આ મકાન પાર્ટીને અન્યત્ર શિફ્ટ થવાનું હોય અરજન્ટ વેચવાનું છે

લાઠી રોડ અમીધારા - ૨ માં ૬ લાખના વસાથી ખુલ્લો પ્લોટ
શિવલીલા પાઠક સ્કૂલ પાછળ ૮ લાખના વસાથી ચોખ્ખા પ્લોટ
ઇન્દીરા શાકમાર્કેટ પાસે દાદર નીચે દુકાન ચા ની કિટલી માટે ખાસ

શિવલીલામાં 2BHK + 2BHK + 2BHK કુલ ત્રણ તદન નવા જ મકાન પ્રોપર્ટી કાર્ડ સાથે માત્ર ૧૧.૯૯ લાખ

૫ અને તેથી વધુ વિઘાની ખેતીની જમીન વેચવાની છે અમરેલીથી ૧૫ થી ૨૦ કિ.મી.ના અંતરે ખેતીની પડતર જમીન

મકાન - દુકાન - પ્લોટ - ફ્લેટ - ખેતી જમીન લેવા - વેચવા કે ભાડેથી લેવા - દેવા માટે અમારી અવશ્ય મુલાકાત લ્યો

**લાભમ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪**

**સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા

રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા

બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર

કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ

દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

**મિથ્સ હોલીડેઝ**
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૭/૨૦૨૩........................તા.૧૧-૧૨-૨૦૨૩

અરજદાર :- શ્રી બાબુભાઈ જીવરાજભાઈ પટોળીયા રહે.ગમા પીપળીયા, તા.બાબરા

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી શેખ પીપરીયા ગ્રામ પંચાયત, તા.લાઠી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ગમા પીપળીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી પારૂલબેન બાબુભાઈ પટોળીયાનો જન્મ તા.૧૯-૪-૧૯૮૯ ના રોજ શેખ પીપરીયા તા.લાઠી, જી.અમરેલી મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૩-૧૦-૨૩ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૯-૦૧-૨૦૨૪ ના રોજ ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી

**અમરેલીમાં મોકાની જગ્યા વેચવાની / ભાડે આપવાની છે**

જુના માર્કેટીંગયાર્ડ રોડ ઉપર અતિ મોકાની ૧૧૫૫ સ્કવેર ફૂટ જગ્યા, નગરપાલિકાનું પાણી અને ગટર કનેકશન સુવિધા સાથે અગાસી સાથે વેચવાની / ભાડે આપવાની છે

હોસ્પિટલ, બેંક, હોટેલ, શો-રૂમ તેમજ બીજા અનેક ધંધાને અનુકુળ અતિ મોકાની જગ્યા વેચવાની / ભાડે આપવાની છે

સરનામું :- જુના માર્કેટીંગયાર્ડ રોડ, હોટલ અવધની બાજુમાં, પહેલો માળ, શિવ કોમ્પલેક્ષ, અમરેલી

તા.ક. દલાલ ભાઇઓ આવકાર્ય છે

સંપર્ક : મો.૯૯૦૯૯ ૫૭૭૦૦, ૯૯૦૯૧ ૫૦૮૩૫

**૧૦૦% શુધ્ધ ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)**

રીફાઇન્ડ છોડો... આપનું તથા આપના પરિવારનું સ્વાસ્થ્ય બચાવો...

અનરીફાઇન્ડ 'ઉત્સવ' જી-૨૦ મગફળીનું જ સીંગતેલ તેમજ તલતેલ

ફક્ત કોટનનાં કપડે ગાળેલુ તેલ, સંપુર્ણ ગેરેંટી સાથે બારેમાસ ભરવાલાયક તેલ

એક ડબો મંગાવો અને ન ફાવે તો એક કિલો વાપરેલ ડબાનાં પુરા પૈસા પરત મેળવો : એક વાર અવશ્ય ટેસ્ટ કરો

**અનરીફાઇન્ડ તેલના ફાયદાઓ**

- અનરીફાઇન્ડ તેલમાં કોઇપણ પ્રકારના કેમીકલ ઉમેરવામાં આવતા નથી.
- કોઇપણ પ્રકારની કેમીકલ પ્રક્રિયા કરવામાં આવતી નથી.
- સાદી પ્રક્રિયાથી જ ગાળણ કરવામાં આવે છે.
- અનરીફાઇન્ડ તેલ કોલેસ્ટ્રોલ લેવલ જાળવી રાખે છે.
- બ્લડ પ્રેશરનું લેવલ જાળવી રાખે છે. હૃદયની બિમારી અટકાવે છે.
- વિટામીન E ની માત્રા હોવાથી ચામડીના રોગો અટકાવે છે.
- અનરીફાઇન્ડ તેલ કેન્સર સામે લડવા ઉપરાંત તમારી પાચનક્રિયાને મજબુત કરે છે. તેમજ હાડકા મજબુત બનાવે છે.
- ડેમેજ વગરની પ્યોર જી-૨૦ (વીસ નંબર) સીંગ ફોલીને આખા દાણાનું ફક્ત ફીલ્ટર કરેલું ઘાણીનું સીંગતેલ.
- ૧ લીટર, ૫ લીટર, ૧૫ કિલો, ૯૨૦ ગ્રામના પેકીંગમાં ઉપલબ્ધ.

-: સ્થળ :-
રાધેશ્યામ બાયપાસ ચોકડી, શિવધારા મારબલની બાજુમાં, (ઉત્સવ મીની ઘાણીનું તેલ) અમરેલી
સહજાનંદ સખરેલીયા
૯૪૨૬૯ ૬૧૦૦૬, ૯૮૭૯૦ ૫૬૬૦૫

-: સ્થળ :-
મહાદેવપરા
પાણીના ટાંકા પાસે, વડેરા
૯૭૨૭૩ ૮૩૧૫૫, ૯૯૭૮૫ ૧૪૧૩૩

**શ્યામ આંખની હોસ્પિટલ**

ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સારવાર :**

- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેકશન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

-: સ્થળ :-

-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૨૪૨-૨૦૨૩............મુ.તા.૧૮-૦૧-૨૦૨૪

અરજદાર : નાનજીભાઈ ધરમશીભાઈ વરીયા રહે.ખડાધાર, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ખડાધાર, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારની ભત્રીજી ભાવનાબેન દામજીભાઈ વરીયાનો જન્મ તા.૧૪-૧-૧૯૭૭ નારોજ ગામ ખડાધાર તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ અરજદારશ્રીની ભત્રીજીના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૮-૦૧-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઇ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૨૧-૧૨-૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

**વી. કે. મોટર્સ**

VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઇન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઇન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઇન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

**સ્ટાફ જોઇએ છે**

શ્રી સરદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

**સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ - ચલાલા**

તા.ધારી, જી.અમરેલી

| જગ્યાની વિગત | સંખ્યા | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| આચાર્ય | ૦૧ | બી.એ.એમ.એ. સાથે NET/SLET/PhD તથા ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ |
| વ્યાખ્યાતા ગુજરાતી-૧, હિન્દી-૧, અંગ્રેજી - ૧, સંસ્કૃત-૧, સમાજશાસ્ત્ર-૧, અર્થશાસ્ત્ર - ૧ ઇતિહાસ - ૧, મનોવિજ્ઞાન - ૧ | ૦૮ | બી.એ.એમ.એ. - ૫૫% સાથે તેમજ NET/SLET/PhD |
| લાઇબ્રેરીયન | ૦૧ | B.Lib, M.Lib (બી.લીબ, એમ.લીબ) |
| પી.ટી.આઇ. | ૦૧ | બી.પી.એડ.- એમ.પી.એડ. (B.P.Eed. - M.P.Eed.) |
| કલાર્ક | ૦૨ | ગ્રેજ્યુએટ તેમજ કોમ્પ્યુટર જ્ઞાન હોવુ જરૂરી છે |
| પટ્ટાવાળા | ૦૧ | ધોરણ-૧૦ પાસ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ પ્રમાણપત્રોની નકલ તથા પાસપોર્ટ સાઇઝ ફોટા સાથે દિન-૧૦ માં નીચેના સરનામે અરજી કરવાની રહેશે.

અરજી મોકલવાનું સરનામું : શ્રી સરદાર એજ્યુકેશન ટ્રસ્ટ (ચિરાગ વિદ્યા સંકુલ) બ્રહ્મસમાજ વાડી પાસે, દાનેવ પ્લોટ, ચલાલા, તા.ધારી, જી.અમરેલી

